



વર્ષ : ૨૦ નવેમ્બર–૧૯૯૮ અંક : ૨

## * ફક્ત પ્રભુ સાથે જ પ્રેમ કરો *

પરમાત્માની અંદર જ મનુષ્યે પોતાના પ્રેમને કેન્દ્રિત કરવો જોઈએ. અને જેમ બને તેમ પરમાત્માની વિશેષ કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. અનિત્ય પદાર્થોનું જે મમત્વ છે તે મમત્વ માનવને દુઃખી કરે છે. પણ જે નિત્ય પદાર્થોનું મમત્વ છે, પરમાત્મા જ નિત્ય છે. પરમાત્મા સિવાય કાંઇ નિત્ય છે જ નહીં. તો જે નિત્ય પદાર્થોનું મમત્વ, નિત્ય પદાર્થની પ્રીતિ, નિત્ય પદાર્થમાં આસક્તિ કરે છે અને નિત્ય પદાર્થનું અખંડ અનુસંધાન સાધે છે એ માનવને સાચા અર્થમાં સુખી કરે છે. માનવને સાચો આનંદ પૂરો પાડે છે. એ જ મોટામાં મોટો લાભ છે. સંસારમાં જો સૌથી મોટો લાભ કોઇ પણ હોય તો આત્મલાભ છે. આત્મલાભ માનવની જન્મોજન્મની દરિદ્રતાને દૂર કરે છે, એને શાંતિ આપે છે. પોતે આત્મદર્શન કરવાની પ્રવૃત્તિ આદરવી અને પોતાની આજુબાજુના જગતની અંદર જે અસંખ્ય જીવો છે એ અસંખ્ય જીવોની અંદર પણ પરમાત્માનો પ્રકાશ પથરાયેલો છે એમ માની એ જીવોને સુખી કરવાને માટે, શાંતિ પ્રદાન કરવાને માટે, પ્રગતિનો પંથ બતાવવાને માટે જેટલું બને તેટલું કર્તવ્ય કરી છૂટવું આ જ શાંતિનો સાચો માર્ગ છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રદ્ધાંજલિ | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કૃપા પ્રસંગ–૩ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૪ |
| અંબાજીમાં સર્વરોગ નિદાન કેમ્પ | ડો. બી. જે. જાગાણી | ૨૦ |
| "મા" સદાય દેતી | ભજનાનંદી શ્રી દુર્લભજી ભક્ત | ૨૯ |
| અંબાજીનો નવરાત્રિ જપયજ્ઞ | તંત્રી | ૩૧ |
| અમેરિકામાં હનુમાનજીની ભક્તિ | શ્રી પરમાર્થી | ૩૯ |
| અલાસ્કાની કુંવારી ધરતી પર પૂ. મા–પ્રભુના મૌન તનુનું વિચરણ | ઘનશ્યામભાઇ કોઠારી | ૪૫ |
| પ્રભુ ! ત્હારો... | ડો. રણજિત પટેલ (અનામી) | ૫૫ |


# * શ્રદ્ધાંજલિ *

નવેમ્બર '૯૮ નો અંક સ્વ. શ્રી દુર્લભજીભાઇ ભક્ત-(સ્યાદલા)ને શ્રદ્ધાંજલિરૂપે અર્પણ કરવામાં આવે છે. જોગાનુજોગ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો આ જન્મનો મહિનો છે. આ અંકના પ્રકાશનનો ખર્ચ તેઓના પુત્ર શ્રી ધીરજભાઇ દુર્લભજી ભક્ત (અમેરિકા) અને પુત્રીઓ શ્રી ગુલાબબેન વસંતભાઇ ભક્ત (પનામા) તેમ જ શ્રી ઈલા-બેન બચુભાઇ ભક્ત (કપૂરા) તરફથી આપવામાં આવી રહ્યો છે.

શ્રી દુર્લભજીભાઇ પૂ. મા સર્વેશ્વરીના શ્રદ્ધાળુ ભક્ત. તેઓ નાનાં સરસ ઊર્મિ ગીતો ને ભજનો પણ લખતા અને ગાતા. તેમની કેટલીક રચનાઓ અધ્યાત્મના અગાઉ-ના અંકોમાં પ્રસિદ્ધિ પામી છે.

સંપત્તિ હોવા છતાં તેમનું જીવન સાદુ, પવિત્ર ને પરોપકારી હતું. તેમનો સ્વભાવ સ્વાશ્રયી અને સ્વમાની હતો. વર્ષો પહેલાં વિધૂર થયા છતાં સ્યાદલામાં તેઓ એકલા આનંદથી ગ્રામ્યજીવન જીવતા. પોતાની રીતે પોતામાં મસ્ત રહી જીવનારા તે સાધુપુરુષ હતા. તેમના આત્માને જીવતાં જ શાન્તિ હતી એટલે મૃત્યુ પછી પણ શાન્તિ હોય જ. છતાં તેમના પરિવરાના સભ્યો અને અધ્યાત્મના ભાવિક વાચકો સહુ મળી તેમના આત્માની શાન્તિ અર્થે મૂક પ્રાર્થના કરીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ નવેમ્બર–૧૯૯૮ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩૦–૬–૮૧, મંગળવાર, જેઠ વદ તેરસ, ૨૦૩૭**

**સ્થળ : ૧૦/એ. અંબિકા વિશ્રામગૃહ, બસસ્ટેન્ડ પાસે, અંબાજી.**

સવારે નિયમ પ્રમાણે ૮ થી ૯ જપ–પ્રાર્થના થાય છે, ૯ વાગે ઉતારા પર આવવાનું બને છે. ત્યારે પૂ. શ્રી લેખનકાર્ય કરતા દેખાય છે. આજે બસસ્ટેન્ડ પર મળતા દૂધનો પ્રયોગ કરવામાં આવ્યો, પણ દૂધ બગડેલું હતું.

થોડીવાર બાદ મુંબઇ કરેલા ટેલીગ્રામનો જવાબ આવે છે. જેમાં વીઝા મળ્યા કે નહિ તે વાત સ્પષ્ટ ન હતી. તેથી ટપાલો માઉન્ટ આબુ આવી છે, જે મેળવવી રહી.

પરમ શક્તિની ઇચ્છાનુસાર આબુ ટપાલ આવી છે. તે મેળવવાની વાત વિચારી.



૧૧ વાગ્યે દ્વાર ખૂલતાં જ શ્રી વિજયભાઇને વાત કરી શ્રી કલ્યાણ આજે સવારે જ મોરબી માટે વિદાય થતાં એકલા વિજયભાઇ જ હવે રહ્યા છે. પૂ. શ્રીની સૂચના પ્રમાણે તેમણે માઉન્ટ આબુ જઇને ટપાલો લાવવાની વાત વધાવી લીધી.

આજે અંબિકા ભોજનાલયમાં કુપનો લીધી પણ ભીડ ઘણી હોવાથી કુપનો ફરી આપી દીધી ને મંગલામાં ભોજન લીધું. ભોજન બાદ શ્રી વિજયભાઇ માઉન્ટ આબુ જવા વિદાય થયા.

સર્વેશ્વરી સાથે પૂ. શ્રી ઉતારા પર આવ્યા. ત્યાં વળી અંબિકા વિશ્રામગૃહના સંચાલકના પિતાજી પૂ. શ્રીને મળવા આવ્યા.

તેઓ અંબાજીમાં વર્ષો સુધી પ્રાથમિક શાળાના આચાર્ય હતા. તેમણે આધ્યાત્મિક ચર્ચાઓ કરતાં કહ્યું, 'મનને પ્રભુમાં જોડવું અશક્ય છે.

પૂ. શ્રીએ તેમને વિસ્તૃત રીતે સમજાવતાં કહ્યું, 'વિષયો તો એવા જ છે. પણ એમાંથી મનને સલામત રાખતાં શીખવું.

આપણે ત્યાં ડાહીના ઘોડાની રમત રમાતી તેમાં ડાહીના ઘોડાને જે અડી જાય તે ફાવે.

એમ ડાહીનો ઘોડો ભગવાન છે. તેનું શરણ લઇએ, તેનું સ્મરણ કરીએ તો કશો જ ભય રહેતો નથી.

પણ માનવ શરણ લેતો જ નથી. જેનું લેવાનું છે, તેનું લેતો નથી, અને એને લીધે વિદ્વાનો, પંડિતો પણ દુઃખી છે.

પ્રભુનું શરણ લો અને શરણ લેવા માટે પ્રભુનું સ્મરણ કરો. પ્રભુને સતત પ્રાર્થના કરો, 'હે પ્રભુ કૃપા કરજે, મારી રક્ષા કરજે."

તો પ્રભુ પછી કૃપા કરે જ છે. રક્ષા પણ કરે છે.

અમે અમેરિકા ગયેલા. વચ્ચે હોલીવુડ સ્ટુડીયો પણ જોવા અમને લઇ ગયા.

સાથે હતાં તે ભાઈબેનોને પૂછ્યું તો તે ભાઈઓએ કહ્યું કે, "હોલીવુડમાં તો અમારું મન નર, નારી ને સીનેમાના દૃશ્યોમાં જ રમતું હતું."

મેં કહ્યું. જુઓ તો મારું મન તો પ્રભુમાં જ રહ્યું. માયાપતિનું શરણ લો પછી તમને માયા યાદ જ ન આવે, પછી તો ભગવાન તરફની જ સ્વીચ ચાલુ થઇ જાય.

અંગ્રેજીમાં હોલી એટલે પવિત્ર એવા ભગવાનના જ વિચારો ત્યાં આવ્યા.

પણ ભગવાનમય બનવું પણ ખૂબ અઘરું છે. (એમ કહી પૂ. શ્રીએ સર્વેશ્વરીના ત્યાગની, સેવાની વાતો કરી.)

આવનાર ભાઈને પૂ. શ્રીએ રામાયણ અનુવાદની તથા અધ્યાત્મની વાત પણ કરી.

તેઓએ એકંદરે સારી ચર્ચાઓ કરી. ૧૧ા વાગ્યે તેઓ વિદાય થયા. બાદ પૂ. શ્રીએ આરામ કરતાં પહેલાં ૩ા સુધી લેખનકાર્ય કર્યું. થોડો આરામ કરી જપ શરૂ કર્યાં.

છ વાગ્યે દ્વાર તો ખૂલ્યું.

ત્યાં વરસો ઉપર પૂ. શ્રીનું પ્રવચન સુરતમાં સાંભળેલું તે ભાઈ પૂ. શ્રીને મળવા આવ્યા તેમનું નામ બચુભાઈ શુક્લ હતું.

વળી ગોધરાના એક એસ બાલ્વી જે અહીં ઉતર્યા છે તેઓ પણ મળવા આવ્યા. વળી પાલનપુરથી ત્રણ ભાઈઓ આવ્યા.

શ્રી બચુભાઈ શુકલે થોડી ધાર્મિક વાતો કરી, વળી પૂછ્યું કે



ગીતાનો દરરોજ પાઠ કરવા માટે કયો અધ્યાય શ્રેષ્ઠ ગણાય?

પૂ. શ્રીઃ–૧૫ મો શ્રેષ્ઠ છે. તો ૧૨ મો પણ શ્રેષ્ઠ જ છે. બન્ને અધ્યાય દરરોજ વાંચો.

શ્રી બચુભાઈ શુક્લ પૂ. શ્રીને ભોજન કરાવવા ઇચ્છે છે. એક જ પ્રવચન વરસો પર સાંભળેલું તે યાદ રાખી કેવો આદર ધરાવે છે!

વળી મંદિરની સમિતિના શ્રી જોશી પણ પૂ. શ્રીને મળવા આવ્યા.

આબુથી વિજયભાઇ પણ આવી ગયા, પૂ. શ્રીએ થોડો હળવો નાસ્તો કરી ધ્યાનમાં બેઠા બાદ આરામ કર્યો.

**તા. ૧–૭–૮૧, બુધવાર, જેઠ વદ અમાસ, ૨૦૩૭**

સમયસર સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખનની પ્રવૃત્તિમાં પૂ. શ્રી સવારથી જ તલ્લીન બને છે. જાણે સૂર્યજેવો નિયમિત કર્મયોગ. સર્વેશ્વરી પણ આજે બહાર જવાને બદલે ઉતારા પર જ પ્રાર્થના, જપ, રામાયણ પાઠ કરી સંત ફ્રાન્સીસનું જીવન વાંચીને ડાયરી લેખન કરે છે.

આજે પણ અંબિકા ભોજનાલયમાં ભોજન લેવાનું બન્યું ત્યાંથી આવતાં એક નાનકડો યુવાન પ્રૌઢ શિક્ષણના વર્ગમાં આવ્યો હતો તે પૂ. શ્રીને મળ્યો.

આજે ખાસ એવી ચર્ચા ન થઇ. સમયસર આરામ કર્યો બપોરે થોડો આરામ કરી રામાયણ લેખન પૂ. શ્રીએ કર્યું.

સમય પર સાંજે ૬ વાગ્યે દ્વાર ઉઘડ્યું તો આજે અંબાજી મંદિરના મુખ્ય અધિકારી શ્રી પંચાલ પૂ. શ્રીને મળવા આવે છે.

એમાંથી પોલબ્રન્ટનના પુસ્તકોની વાતો નીકળી. પૂ. શ્રીએ પોતાના પુસ્તકોની પણ વિગતે વાતો કરી. વળી ઇંગ્લેન્ડના પ્રવાસની વાત કરતાં કહ્યું:–

"અમે જેનું શરણું લીધું છે તે પ્રભુની પાર્ટી સૌથી સદ્ધર છે. તે ચિંતા કર્યા કરે છે, ઈશ્વરના હજાર હાથ છે. ક્યારે, કેવી રીતે મદદ કરે તે કંઇ કહી ન શકાય. થોડાક એ શક્તિ તરફ અભિમુખ થઈએ તો માતા જેમ બાળકનું ધ્યાન રાખે તેમ પ્રભુ રાખે છે.

વળી શ્રી પંચાલે બે પ્રશ્નો પૂછ્યા.

(૧) ધ્યાન એ સંમોહન ક્રિયા છે?

(૨) ષટ્ચક્રોના ભેદનથી શો ફેરફાર થાય?

આ પ્રશ્નોની ચર્ચામાં આઠ વાગી ગયા. આ બંને પ્રશ્નોની ચર્ચા અગાઉ આવી ગઇ છે. જેથી તેની નોંધ ન કરી.

(૩) બીજમંત્ર કુંડલીની શક્તિ જગાડી શકે ખરા?

પૂ. શ્રી:–અરે ભાઇ! સાહેબને જ સીધા મળો એટલે નોકરોને મળવાની જરૂર ખરી? સાહેબ મળી જાય એટલે તે જ જરૂર હોય તો નોકરને બોલાવીને કહી દે. તારે આટલું કામ કરવાનું છે. આપણો સાહેબ પ્રભુ છે. તેને જ મળો ને પછી જે શક્તિઓને જાગવાની જરૂરિયાત હશે તે પ્રભુ જ જગાડી દેશે.

લગભગ સવા આઠે પૂ. શ્રી બહાર ફરવા નીકળી શક્યા. થોડે જઈને તરત જ પાછા આવ્યા. આવીને દૂધ પીધું થોડો અલ્પાહાર કરી ધ્યાનમાં બેઠા. બાદ આરામ કર્યો.

**તા. ૨–૭–૮૧, ગુરુવાર, અષાઢ સુદ પડવો, ૨૦૩૭**

અંબાજીના પવિત્ર તીર્થસ્થાનમાં વાતાવરણ સાત્ત્વિક ને



પવિત્ર લાગે છે. આ ઉતારાનું સ્થાન પણ શાંત છે.

પૂ. શ્રી પથારીનો ત્યાગ કરી સીધું જ શીર્ષાસન વગેરે કરી લે છે. તો સર્વેશ્વરી પણ એ જ રીતે વ્યાયામ કરી લે છે. સ્નાન બાદ પૂ. શ્રી મંત્રજપ કરે છે. સર્વેશ્વરી સ્નાન બાદ રામાયણ પારાયણ કરી લે છે. પૂ. શ્રીનો લેખનનો ક્રમ ૧૧–૦૦ સુધી ચાલ્યો.

આજે થોડી મહત્ત્વની વાતો અંગે પરમશક્તિની સૂચનાઓ પૂ. શ્રીએ મેળવી.

જેમાં મસૂરી જવાનું નથી ને અમદાવાદ તા. ૪ થીએ જવાનું છે. અંબાજી હવે વધારે રહેવું નથી. વળી પરદેશની થોડી વાતોની સ્પષ્ટતા મળી.

સાડા અગિયારે શ્રી જે. વી. શાહને અગત્યનો તાર કરવા પોસ્ટ ઓફિસ ગયા. ત્યાંથી ભોજન લીધું ત્યાર બાદ ફરી ઉતારા પર આવ્યા.

આજે પાલનપુરથી ત્રણ ભાઈઓ અને એક બેન પૂ. શ્રીના દર્શને આવ્યાં હતાં. તેઓની સાથે મુલાકાત શરૂ થઈ. આજે પણ શ્રી રેવાશંકર પુરોહિતે સારા પ્રશ્નો પૂછ્યા, જે નીચે મુજબ હતા.

પ્રશ્ન:–સંતો પ્રત્યે પ્રેમભાવ જાગે છતાં જલ્દી વૈરાગ્યભાવ કેમ નથી જાગતો?

પૂ. શ્રી:–ભોજનાલય પહેલાં તો તમે જુઓ, પછી વળી અંદર જાઓ પછી ભોજન લો એ રીતે સંતોનાં દર્શન કરો. તેના પર પ્રેમભાવ જાગે, પછી જો સત્સંગ ચાલુ રહે તો વૈરાગ્ય પ્રબળ બને. સત્સંગમાંથી જ ધીરે ધીરે એ ભાવ જાગે.

કેટલાક પદાર્થો કાચ જેવા છે. જેના પર સૂર્યકિરણોની અસર

ઝડપથી થાય છે, અને પથ્થર જેવા પર અસર ઘણી મોડી થાય છે. એ રીતે સંત સમાગમમાં આવનાર જુદા જુદા જીવોના સંસ્કારો ને ભૂમિકા જુદી જુદી હોય છે. તેથી કેટલાક જીવો જલ્દી જાગ્રત બને. કેટલાક ખૂબ મોડા જાગ્રત બને કેટલાક જીવો તરત જ અસર પામે.

પણ સંતસમાગમ કર્યા જ કરવો, સત્સંગ ચાલુ જ રહેશે તો કોઇક વાર પણ તેની અસર થશે જ.

પ્રશ્નઃ—સંતસમાગમ પ્રારબ્ધ, પ્રભુકૃપા કે કર્મફળથી થાય?

પૂ. શ્રીઃ—કૃપા કાર્ય કરે અથવા આપણાં કર્મો પણ કામ કરે. કર્મોના ઋણાનુબંધ એવા હોય તો સંતસમાગમ થાય. આપણી બુદ્ધિ, વૃત્તિ, ભાવના, અનુકૂળતા, કર્મ પ્રમાણે એવી ઊંચી જ થાય.

"વાવે તેવું લણે" એમ કર્મ પ્રમાણે સત્સંગ મળે પણ કર્મથી એ મળ્યું એમ માનવાને બદલે અહંકાર ન થાય તેથી એ કર્મનું ફળ ઈશ્વરને ધરી કહીએ કે એની કૃપાથી જ થયું.

કર્મને જોઇને ઈશ્વર પરિણામ આપે. દરેક જીવ કર્મ કરવા સ્વતંત્ર છે. પણ ફળ મેળવવા સ્વતંત્ર નથી. ફળ ઈશ્વર નક્કી કરે છે.

આપણે સત્કર્મ જ કર્યા કરવું. એમાં પ્રમાદ ન કરવો.

પ્રશ્નઃ—કૃપાનો કોઈ વિશેષ અનુભવ થાય તો જ સંતોમાં શ્રદ્ધા બેસે ને?

પૂ. શ્રીઃ—કૃપા વરસી જ રહી છે ને આંખ ઊઘાડીને જોવાની જ રહે છે.



કેટલાયે માનવો ખાઇ—પીને મસ્ત બની ફરે છે, જ્યારે તમને એમ થાય છે કે આપણે કંઇક સત્કર્મ કરીએ. તો એ શું કૃપા નથી?

તમારા જન્મ પહેલાં માતાના શરીરમાં તમારે માટે દૂધ તૈયાર કર્યું, કારણ તમે રોટલા ચાવી શકવાના ન હતા, તો એ કૃપા ગણાય કે નહિ?

તમે બાળઅવસ્થામાં શહેનશાહની જેમ જીવ્યા મળમૂત્રનું ભાન ન હતું. તો ઈશ્વરે તમને સારી રીતે જીવાડવા મમતાળુ માતા ને પ્રેમાળ પિતા તમારા જન્મ પહેલાં જ તૈયાર રાખ્યા, તો શું એ ઓછો ચમત્કાર કૃપાનો ગણાય?

તમારે માટે સૂર્યનો પ્રકાશ ને આ પવન તમે જીવી શકો માટે જાણે તૈયાર જ રાખ્યા.

હજારોને બે ટંક ભોજન મળતું નથી, તમે ભરપેટ ભોજન મેળવી શકો છો.

હજારોને ઓઢવાનાં નથી, રહેવાને ઘર નથી, તમે તે પામી શક્યા છો.

તો આ બધી કૃપાને યાદ કરો. એવી કૃપા વરસાવનાર કૃપાળુને જો મળવું હોય તો વધુ ને વધુ સાધનભજન કરો.

સંતોના જીવનમાં કૃપા વિશેષ અનુભવવા મળે છે, કારણ સંતોનું સમસ્ત જીવન પ્રભુને સમર્પિત છે. જ્યારે સામાન્ય માનવીઓનું જીવન વિષયોને વરેલું છે. એટલે તમે જે માંગો છો તેવા વિશેષ ચમત્કાર ભરી કૃપા મેળવી શકતા નથી. તેને માટે વધુ ને વધુ સાધના કરવી પડે છે.

સમય થતાં સૌ પ્રણામ કરી વિદાય થયા. સર્વેશ્વરી તા. ૪ થીએ અમદાવાદ જવાનું રીઝર્વેશન ને તાર કરવા જાય છે. પૂ. શ્રી થોડો આરામ કરે છે.

આરામ બાદ ફરી રામાયણ લેખન છ સુધી પૂ. શ્રી કરે છે. સર્વેશ્વરી રામાયણનું અંતિમ પારાયણ કરી ડાયરીની નોંધ કરે છે.

છ વાગ્યે દ્વાર ખુલી જાય છે. સૌ આવીને પ્રણામ કરે છે. "કળીમાંથી ફૂલ" પુસ્તક જેનું પ્રૂફરીડીંગ માટે કાગળો અમદાવાદથી આવ્યા છે. તેમાંથી "અવનવો અનુભવ" પ્રસંગ શ્રી વિજયભાઈ પાસે પૂ. શ્રીએ વંચાવ્યો. તે દરમ્યાન ત્રણેક ભાઈઓ બીજા પણ રૂમમાં આવી પ્રણામ કરી બેસે છે. વળી પાંચેક ભાઈઓ બીજા પણ આવીને બેઠા.

જે ભાઈઓ આવીને બેઠા તેઓએ પુસ્તકોની યાદી અંબાજીની સંસ્કૃત પાઠશાળા માટે માંગી, પૂ. શ્રીએ વિગતવાર યાદી લખાવી, તેઓ પુસ્તકો મંગાવવા માંગે છે.

પૂ. શ્રીના પુસ્તકોની વાત નીકળી છે, જેમાં હિમાલયના પત્રો, પ્રકાશના પંથેની વાતો વળી પરદેશના પ્રવાસની વાતોની ચર્ચા થાય છે.

તે સૌ વિદાય થયા પણ તે પહેલાં આવતી કાલે ચાર વાગ્યે એક પ્રવચન અહીં જ બહાર ગોઠવવાની વિનંતી પૂ. શ્રીને કરી પૂ. શ્રીએ મંજૂરી આપી.

ત્યાં વળી મંદિરના બે પૂજારીઓ દર્શન કરવા આવ્યા તેમની સાથે મંદિરની વાતો કરી તેઓ વિદાય થયા બાદ, થોડું ફરવા જવાનું બન્યું.

આજે મંદિરમાં ભીડ ન હતી અરે દર્શનાર્થીઓ જ ન હતા. જેથી રાત્રે પૂ. શ્રીએ પણ મંદિરનાં દર્શન કર્યાં.



દર્શન બાદ પૂ. શ્રી ઉતારા ઉપર આવે છે. કેરી વિગેરે લઈ, રામાયણ લેખનકાર્ય કરે છે.

લેખન બાદ અચાનક પૂ. શ્રી સર્વેશ્વરીને કહેવા લાગ્યા. મેં જગદંબા પાસે માંગ્યું કે તમે જ મારી સાથે રહેવા આવો, માએ કહ્યું "હા, સાધારણરૂપમાં સેવા કરવા હું જ પોતે સ્થૂલ રૂપ ધરીને આવીશ." તમે પણ માંગ્યું હશે. "પ્રભુ, મારા જીવનમાં આવો, તો પ્રભુએ કહ્યું કે હા, યોગેશ્વરના રૂપે જ હું તમારા જીવનમાં આવીશ. એ રીતે આપણે એકમેકના જીવનમાં આવ્યાં."

વાતચીત બાદ આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

# કૃપા પ્રસંગ–૩

કલ્યાણ

શ્રી હરગોવિંદભાઇ ભટ્ટ અને શ્રીમતિ ડાહીબેન ભટ્ટ આધુનિક યુગનાં ઋષિ પરંપરાનાં ગૃહસ્થ દંપતી છે. તેમનામાં ઋષિ પરંપરાના સંસ્કારોના દર્શન થાય છે. પ્રભુકૃપા અને પૂર્વના પ્રબળ પુણ્ય સંચયે તેમને શ્રી યોગેશ્વરજી જેવા પરમ પુરુષ સદ્‌ગુરુ સ્વરૂપે મળ્યા.

આધ્યાત્મિક સાધનાની ગુરુપરંપરામાં તેમની દૃઢ નિષ્ઠા છે. પૂ. શ્રી યોગેશ્વરજીને તેમણે ગુરુહરિસ્વરૂપે હૃદયમાં પ્રતિષ્ઠિત કર્યા છે. ગુરુહરિની કૃપા અને સેવાનો લાભ તેમને મળ્યો છે. આ ગુરુહરિની સેવાની પરંપરા આજે પણ તેમના કુટુંબમાં જળવાઇ રહી છે. તેમના સુપુત્રો શ્રી મધુભાઇ, શ્રી પ્રકાશભાઇ અને શ્રી અનિલભાઇએ પિતાજી તરફથી મળેલા ગુરુહરિની સેવાના આધ્યાત્મિક વારસાને વધુ દીપાવ્યો છે. ગુરુહરિના નામની વેપારની પેઢી શ્રી હરગોવિંદભાઇના વારસદારો આજે પણ ધમ-ધોકાર ચલાવી રહ્યા છે. આજે પણ પૂ. મા અને ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની કૃપા તેમના પર નિરંતર વરસી રહી છે.

(૧)

શ્રી ગુરુહરિની સેવાની આ પરમનિષ્ઠાને લીધે ગુરુકૃપાનો પરમ લાભ તેમને મળતો રહ્યો છે. કેટલાંક દિવ્ય અનુભવો આપી શ્રી ગુરુહરિએ તેમની પરમશ્રદ્ધાને વધુ પ્રબળ બનાવી છે. અહીં આપણે એ કૃપામૃતનું આચમન કરીએ.



સન્ ૧૯૬૨ ની એ સાલ હતી. શ્રી ગુરુહરિ યોગેશ્વર પ્રભુ મુંબઇ વાલકેશ્વરમાં આવેલા શ્રી ખીમજી જીવા સેનીટોરીયમમાં દરરોજ બપોરે અને સાંજે નિયમિત સત્સંગનો લાભ આપતા.

એક દિવસ ગુરુદેવપ્રભુના સાન્નિધ્યમાં રાતની સત્સંગની બેઠકમાં તેમના દર્શન અને સત્સંગનો લ્હાવો લૂંટતો બેઠો હતો ત્યારે મને જાગૃત અવસ્થામાં મારા હૃદયપ્રદેશમાં વિજળીના ચમકારા જેવા તેજસ્વી દિવ્ય ઝળહળતા પ્રકાશનું દર્શન થયું. એ સાથે જ આંખમાંથી ચોધાર અશ્રુઓ વહેવા લાગ્યાં અને ઈશ્વર, ઈશ્વર, ઈશ્વર, એમ મુખમાંથી વિનાપ્રયત્ને બોલાવા માંડયું. આ દિવ્ય અનુભવ એકાદ મિનિટ ચાલ્યો હશે!

આ દિવ્ય અનુભવ પછી હૃદય પરમશાંતિ અને આનંદનો અનુભવ ખૂબ લાંબા સમય સુધી કરતું રહ્યું!

શ્રી ગુરુદેવપ્રભુને જ્યારે આ અનુભવની વાત કરી તો તેમણે કહ્યું, "અનુભવ સારો ગણાય, વધુને વધુ ઈશ્વરસ્મરણ કરતા રહો, નામસ્મરણનો સમય વધારતા રહો."

આત્મા પ્રકાશસ્વરૂપ છે તેની અનુભૂતિ તો થઇ પરંતુ એ આત્મા જેનો અંશ છે તે ગુરુદેવ પરમાત્માની પરમ ઓળખ પણ ઈશ્વર, ઈશ્વર, ઈશ્વરના પરમ નામસ્મરણના ઉચ્ચારથી થઇ! સામે જે ગુરુદેવપ્રભુ બેઠા છે તે કોઇ સાધારણ ગુરુ નથી. પરંતુ ઈશ સામર્થ્યથી અલંકૃત પરમ સ્વરૂપ પરમાત્મા પોતે જ છે તેની અનુભૂતિ પણ આપી!

તે દિવસથી અંતરાત્મામાં ગુરુહરિના પરમસ્વરૂપની પ્રતિષ્ઠા થઇ ગઇ તે આજપર્યંત પણ એવી જ અંતરમાં અચળ બિરાજમાન છે. એ પછી તો એ ગુરુહરિના ચરણમાં જીવન સમર્પિત

થઇ ગયું. તેમની પરમકૃપાથી તેમનો જીવનસંદેશ ફેલાવવાનું કાર્ય આજે પણ ચાલી રહ્યું છે.

(૨)

શ્રી હરગોવિંદભાઇના ધર્મપત્ની શ્રી ડાહીબેન પણ પૂ. મા અને ગુરુદેવ પ્રભુમાં એટલી જ ઊંડી પરમ શ્રદ્ધા ધરાવે છે. તેમને પણ અવારનવાર પ્રભુકૃપાના અનુભવો થતા રહે છે. અહીં આપણે દિવ્યપ્રસંગનો આસ્વાદ માણીએ.

શ્રી હરગોવિંદભાઇ લખે છે કે સન ૧૯૮૨ ની એ સાલ હતી. પૂ. મા અને પૂ. શ્રી યોગેશ્વર પ્રભુ મુંબઇ પધારેલા. સી. પી. ટેંક પર આવેલ માધવબાગ નામે લક્ષ્મીનારાયણના મંદિરમાં પૂ. શ્રીનાં પ્રવચનો સાંજે ૬–૩૦ થી ૭–૩૦ ચાલતાં હતાં. પૂ. મા સર્વેશ્વરીનાં ભજનો પણ પ્રવચનની શરૂઆતમાં તથા અંતમાં થતાં. ઘણાં ભાવિક ભક્તો પ્રવચનનો લાભ લેવા આવતા.

એ અરસામાં મા જ્યોતિર્મયીના સ્વર્ગવાસનો એક લેખ અધ્યાત્મ માસિકમાં પ્રગટ થયેલો. તેમાં પૂ. શ્રીએ પોતાનો દિવ્ય અનુભવ વર્ણવતાં લખ્યું હતું કે પૂ. માતાજી પાર્થિવ શરીર છોડયા પછી પરમશક્તિ જગદંબાના પરમ સ્વરૂપમાં વિલીન થઇ ગયાં હતાં!

આ પ્રસંગપરથી શ્રી ડાહીબેનને એમ થયું કે પૂ. શ્રીના દિવ્યપ્રસંગો હમેશાં પરમ સત્ય જ હોય છે. તેઓ ઘણી વખત પોતાના પ્રવચનોમાં મા સર્વેશ્વરીના જગદંબા સ્વરૂપનો પણ પરિચય આપે છે અને કહે છે કે મા સર્વેશ્વરી સાક્ષાત્ જગદંબાનો અવતાર છે. અને કેટલાક ભાવિક ભક્તોને પૂ. મામાં જગદંબા સ્વરૂપનાં દર્શન થયાં છે તેનો ઉલ્લેખ પણ કરે છે. તો મને પણ મા



સર્વેશ્વરીનાં જગદંબા સ્વરૂપનાં દર્શન થાય તો સારું એમ મનમાં પ્રાર્થના કરી.

એક દિવસ સાંજે પ્રવચન પૂરું થયા પછી અમે અમારે ઘેર આવ્યાં. રાબેતા મુજબ રાત્રિભોજન પછી સૌ નિદ્રાધીન થયાં, પરંતુ ડાહીબેનને નિદ્રા ન આવી. તેઓ જાગૃત અવસ્થામાં સહજ શાંતિથી બેઠાં હતાં ત્યાં તેમને ખુલ્લી આંખે અદ્ભુત દિવ્ય સ્વરૂપનું દર્શન થયું. પૂ. મા સર્વેશ્વરી વાઘપર બેઠાં છે. વળી વાઘ બાજુમાં ઊભો છે અને પૂ. મા તેને હાથથી પંપાળે છે. અને પૂ. મા તેને હાથથી પંપાળે છે. તેવું દર્શન ખુલ્લી આંખે ડાહીબેન જોઇ રહ્યાં છે. પૂ. મા થોડીવાર મા સર્વેશ્વરી સ્વરૂપે દેખાય છે તો વળી ઘડીવાર મા જગદંબાના દિવ્ય સ્વરૂપે દેખાય છે. આ દિવ્યદર્શન સંપૂર્ણ જાગૃત અવસ્થામાં બેથી અઢી કલાક સુધી સતત ચાલુ રહ્યું. પૂ. માના સર્વેશ્વરી સ્વરૂપનાં દર્શન થયાં ત્યારે તેમના મસ્તકના કેશ છૂટા, એક હાથમાં ત્રિશૂળ બીજો વરદ હસ્તની મુદ્રામાં આશીર્વાદ આપતો હોય તેમ દેખાય છે. થોડી થોડી વારે મા સર્વેશ્વરીના એ જ સ્વરૂપમાં જગદંબાના દિવ્ય સ્વરૂપના દિવ્ય આભૂષણો અને દિવ્ય શસ્ત્રોસહિત દર્શન થાય! નવાઇની વાત તો એ હતી કે વાઘ તદ્દન મારી નજીક હોવા છતાં મને તેની બીક લાગતી નથી. બે અઢીકલાકના લાંબા સમયનાં ખુલ્લી આંખના એ દિવ્યદર્શન પછી તે દર્શન પૂર્ણ થયું. એ દિવ્યસ્વરૂપની સુંદરતાનું વર્ણન વાણીદ્વારા થઇ શકે તેમ નથી. છતાં તે દિવ્યદર્શન થયું તે હકીકત છે.

મારી પ્રાર્થના શ્રી યોગેશ્વરપ્રભુએ અને પૂ. માએ અદ્ભુત રીતે સાંભળી અને પોતાના પરમ સ્વરૂપનું અદ્ભુત દર્શન પણ કરાવ્યું! એમની પરમકૃપાવિના આ દર્શનનો લાભ ન મળે.

પૂ. માના આ દિવ્યસ્વરૂપના દર્શન પછી પૂ. મા જગદંબાના દિવ્યસ્વરૂપે અંતરમાં પ્રતિષ્ઠિત થઇ ગયાં છે! જે શ્રદ્ધા જન્મોના તપ પછી પણ ન પ્રકટે તે પરમશ્રદ્ધા આ દિવ્યસ્વરૂપના દર્શને પૂ. મા સર્વેશ્વરીના સ્વરૂપમાં પ્રકટી ગઇ છે. આથી વિશેષ જીવનની પરમ ધન્યતા બીજી શું હોઇ શકે?

પૂ. મા સ્વયં પરમશક્તિ જગદંબા છે તે પરમસત્યના દર્શન તો પૂ. માના ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિ દિવ્ય જીવન દર્શનમાં સૌ કોઇ કરી શકે છે. પૂ. માએ મનુષ્યશરીર ધારણ કરીને તે શુકલકડી શરીરમાં એવાં તો પરમ ઈશ સામર્થ્યનાં દર્શન કરાવ્યાં છે કે એ માતૃસ્વરૂપમાં પ્રકટેલી દિવ્ય પરમશક્તિનો સ્વીકાર વિચારવંત માનવ માટે સહજ છે. અધ્યાત્મજીવનમાં તપ, ત્યાગ, સમર્પણ, પ્રેમભક્તિ, જ્ઞાન, યોગ વિગેરે દિવ્યગુણોના સર્વોત્તમ શિખરો તેની પરમોચ્ચ કક્ષાએ પૂ. માએ સર કર્યાં છે! પૂ. માનો પરમ પુરુષાર્થ જ એટલો તો ભવ્ય છે કે આપણને એ કલ્પના કરવાની સહજ ઇચ્છા થઇ આવે કે નવસ્વરૂપે પરમશક્તિનું પણ જાણે કે નવનિર્માણ ન થયું હોય?

આપણે તો પૂ. માના પરમ સ્વરૂપમાં ફક્ત પરમ શ્રદ્ધા જ પ્રકટાવી દેવાની છે! આતમ જાગી જાય તો ઘણું કામ થઇ જાય તેમ છે. સંસારચક્રમાંથી છૂટવાનો અણમોલ અવસર છે. એ પરમ શ્રી ચરણોમાં મસ્તક મૂકવાથી તો મુક્તિ મળી જતી હોય તો એ તક જતી કરવાની મૂર્ખાઇ તો આપણે નહીં જ કરીએ! પૂ. માના આ માતૃસ્વરૂપનું ગૌરવગાન ગાવાની તક ઝડપી લઇને જીવન સાર્થક કરી લઇએ.



## કરો મન માનું ગૌરવગાન

યોગી ને મુનિ દેવો ધરતાં,
જેનું નિશદિન ધ્યાન,
કિન્નર ને ગંધર્વ નિરંતર,
જેનું ગાતા ગાન. કરો૦

જ્ઞાની ને યતિ જેના રસમાં,
નિત્ય બને ગુલતાન,
ભક્તો ભાવ કરીને ભજતાં,
જેને ભૂલી ભાન. કરો૦

એના વિના પ્રાણપ્રિય મંગલ,
માનો ના કદિ આન,
વેદપુરાણ સંત ને શાસ્ત્રો,
ધરતાં કૈંક પ્રમાણ. કરો૦

સૂર્ય ચંદ્ર નક્ષત્ર ગ્રહોને,
જે આપે છે પ્રાણ,
તેને માટે પાગલ બનતાં,
છોને ભૂલો ભાન. કરો૦

# અંબાજીમાં સર્વરોગ નિદાન કેમ્પ

ડો. બી. જે. જાગાણી
નારાયણ હ. જાની

"અમે અત્યાર સુધીમાં ઘણા બધા રોગ નિદાન કેમ્પોમાં સેવા આપી છે, કિન્તુ તમારા આ કેમ્પમાં અમને સુંદર ભાવનાનું દર્શન થયું છે. વ્યવસ્થા ઘણી સરસ. દર્દીઓ પ્રત્યેનો તમારો અભિગમ પણ માનવતા અને ભગવદ્ ભાવભર્યો. તેમને માટે તમે સરસ ને મોંઘી દવાઓ લાવ્યા તે ખરું, પરંતુ તમે તેમને નાસ્તાના પેકેટ પણ દવા સાથે આપ્યાં અને ઉપરથી સરલ ગીતાનું પુસ્તક દરેક દર્દીને ભેટ આપ્યું એ તો સર્વોત્તમ ગણાય."

આ પ્રતિભાવના શબ્દો હતા પાલનપુરના જાણીતા સ્કીન સ્પેશિયાલીસ્ટ ડો. જીતેન્દ્રભાઇ શાહના. તેઓ સર્વ દાક્તરો વતી બોલી રહ્યા હતા. કેમ્પના અંતે સેવા આપનાર દરેક દાક્તરને– ઈમર્જન્સી ટયુબલાઇટ, પ્રકાશના પંથે–પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા તેમ જ સરલ ગીતા ભેટ આપવામાં આવી હતી.

કાન, નાક અને ગળાના દાક્તર શ્રી પ્રકાશભાઇ શાહે પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં વાતચીતમાં કહ્યું હતું કે તમારી વ્યવસ્થા ખરેખર વખાણવાલાયક છે. દાક્તરોની જરૂરિયાત મુજબ, ચા, કોફી ને લીંબુ સરબત સમયાંતરે આવ્યાં કરતું. દર્દીઓને માર્ગદર્શન આપવા વોલીન્ટરો પણ સારી સંખ્યામાં રાખ્યા છે. અહીંની કેટલીક વાતચીત પરથી મને જીવન વિષે વિચારવાની



એક નવી દૃષ્ટિ મળી છે.

અંબાજીમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ આવેલું છે, આ વિશ્રામગૃહ અહીં છેલ્લા ૧૨ કરતાં વધુ વર્ષોથી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરતું રહે છે. પક્ષીઓને ચણ તેમ જ અહીંના પછાત જાતિનાં બાળકોને નાસ્તો, ભણતરનાં પુસ્તકો વગેરે આપવામાં આવતું. તેમનામાં સ્વચ્છતાની ટેવો પડે માટે ટૂથબ્રશ તેમ જ નાહવાના સાબુ વગેરે પણ અહીંના મેનેજર શ્રી બાલુભાઇ આપતા. આમ છતાં આ પ્રદેશમાં રોગોનું પ્રમાણ પણ વધારે. એટલે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની આજ્ઞા મુજબ અહીં મેડિકલ કેમ્પ કરવાનું નક્કી કર્યું.

આ કામ થોડું અઘરું હતું. કારણ અંબાજી ગુજરાતના ઉત્તર છેડે આવેલું. અહીંના લોકોનો એક વ્યવસાય આરસ ઉદ્યોગમાં મજૂરી કરવાનો અને બીજો યાત્રાળુઓના ઉતારાઓ અને માતાજીના પ્રસાદ વગેરેની દુકાનોનો. એક બાજુ ભારતની ખ્યાત-નામ શક્તિપીઠ–મોટાં અંબાજી માતાજીનું મંદિર–જ્યાં વર્ષે એક કરોડ કરતાં વધુ માણસો દર્શને આવે. તેથી મંદિરને કરોડો રૂપિયાની આવક થાય ને બીજી બાજુ આસપાસની વસ્તીમાં ઘોર અજ્ઞાનતા, ગરીબી અને વહેમો. મંદિરનું ટ્રસ્ટ છે તે એક કોલેજ, કોટેજ હોસ્પીટલ અને સસ્તા દરે ભોજનાલય ચલાવે છે. છતાં સૈકાઓથી જડ કરી ગયેલી ગરીબી અને અજ્ઞાનતા અને વહેમોમાં ખાસ ફેર પડયો નથી. આ અહીંનું વાસ્તવિક ચિત્ર છે.

અહીં લોકોને શારીરિક બિમારી થાય એટલે ભુવાને ધૂણાવે. દવાને બદલે કોઇ ભળતા ઉપાય કરી–શારીરિક પીડા ભોગવે. આવા લોકોની વચ્ચે મેડિકલ કેમ્પ કરવો અઘરો. એટલે અહીં

આદિવાસીઓમાં કામ કરતી સંસ્થાઓનો સાથ સહકાર ન મળ્યો હોય તો આ કામ અશક્ય લાગે. આની ફલશ્રુતિ પણ કેમ્પના પ્રારંભમાં જ અનુભવાઇ. પૂ. શ્રીના સ્વરૂપ આગળ ફૂલોના ગુચ્છ મૂકવા બે ફૂલદાનીઓ જોઇતી હતી. એક દુકાને મળી ગઇ. દુકાનદારોએ પૂછ્યું, "શા માટે જોઇએ છે ભાઇ!" "નિદાનયજ્ઞના ઉદ્દ્ઘાટન પ્રસંગે ભગવાનના સ્વરૂપો આગળ ફૂલોના ગુચ્છો મૂકવા." "અરે, તો તો તમે આ ફૂલદાનીઓ મફત લઇ જાઓ, તમે આવું સરસ કામ મફત આ શહેરમાં કરી રહ્યા છો. તો મારો તેમાં આટલો ફાળો!"

કેમ્પના-બે ત્રણ દિવસ અગાઉ લાઉડસ્પીકરથી કેમ્પની જાહેરાત અહીં થતી રહેતી, તેનો આવો સારો પ્રતિભાવ અંબાજીનો એક નાગરિક આપી રહ્યો હતો. આ ફૂલદાનીઓ ખરેખર મોંઘી હતી.

**આયોજનઃ**-પરમ કૃપાળુ પૂ. મા-પ્રભુની ઇચ્છાથી અને પ્રેરણાથી સ્વર્ગારોહણ વિશ્રાંતિગૃહ, અંબાજી ખાતે સર્વરોગ નિદાન યજ્ઞ ૪ ઓક્ટોબર-૧૯૯૮ ના રોજ માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિની ઉજવણી માટે યોજવામાં આવ્યો, આ નિદાન યજ્ઞનો ટૂંકો અહેવાલ આ મુજબ છે.

(૧) નિદાન યજ્ઞના આયોજનની જવાબદારી પૂ. માએ શ્રી રાજુભાઇ જાનીને સોંપી હતી અને સાથે શ્રી જાગાણી પણ સહયોગી થયા. પ્રથમ વખતની મુલાકાત દરમિયાન પાલનપુર અને અંબાજી સ્થિત ડોક્ટરો અને પ્રચાર કાર્યમાં ઉપયોગી થાય તેવા મા-પ્રભુના બાળકોને મળ્યા. પાલનપુરમાં શ્રી રેવાશંકરભાઇએ ડો. યોગેશભાઇ પટેલે અને શ્રી એસ. એસ. વાઘેલાએ



ડોક્ટરો તથા પ્રચારકાર્યમાં ઉપયોગી ભાઇઓ શોધી આપ્યા. અને બેઠક યોજી. શ્રી નવીનભાઇ શાહ, શ્રી અશ્વિનભાઇ જોશી, શ્રી કે. ડી. બગડા, શ્રી વીરચંદભાઇ પંચાલ તથા અંબાજીના શ્રી આર. કે. પટેલ, શ્રી રાધાબેન તરાલ, પ્રિ. શ્રી બી. એલ. ભટ્ટ, શ્રી પી. એસ. જાની. ડો. મનસુખભાઇ પટેલ તથા ડો. વિનોદ ગુપ્તા વગેરેએ પ્રચાર કાર્યની જવાબદારી લીધી. આ વ્યક્તિઓ તથા ડોક્ટરોના નામ નક્કી થયા પછી પ્રચાર પત્રિકાઓ, દરદી નોંધણી પત્રક છપાવીને તૈયાર કર્યા.

**૨. પ્રાચર કાર્યઃ**-દાંતા તાલુકાના ૧૮૦ ગામડાંઓમાં પ્રચારની જવાબદારી પાલનપુર, મોટાસડા, દાંતા, સનાલી, અંબાજી, સેંબલપાણી સ્થિત સંસ્થાઓદ્વારા ઉઠાવવામાં આવી. પાલનપુરમાં શ્રી નવીનભાઇ શાહે મદદ કરી. મોટાસડાના શ્રી અશ્વિનભાઇ જોશી, દાંતાના શ્રી કે. ડી. બગડા, સનાલીના શ્રી વીરચંદભાઇ પંચાલ, અંબાજીના શ્રી ભીખુભાઇ તરાલ, પ્રિ. ભટ્ટ સાહેબ, ડો. મનસુખભાઇ, શ્રી પી. એસ. જાની, શ્રી આર. કે. પટેલ, ડો. વિનોદ ગુપ્તા વગેરેએ પોતાના વિસ્તારની આસપાસના ગામડાંમાં પ્રચાર પત્રિકાઓ વહેંચી. ત્રીજી ઓક્ટોબરના દિવસે શ્રી જે. કે. પટેલ, રાજીવ જાની, નિલેશ ટેલર, શ્રી દવેભાઇ (રાજકોટ) વગેરેએ રીક્ષા અને મોટરમાં સાઉંડ સીસ્ટમ ગોઠવીને અંબાજી ગામમાં પ્રચાર કર્યો. વર્તમાન પત્રમાં શ્રી મહેન્દ્ર અગ્રવાલે અને ટી. વી. કેન્દ્રે પ્રસિદ્ધિ આપી. બસ સ્ટેન્ડ, કોટેજ હોસ્પીટલ, અંબાજી મંદિર અને સ્વર્ગારોહણ પર બેનર મૂક્યા. આમ પ્રચાર માટે બહુવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો.

**૩. નિદાન યજ્ઞઃ**-૪ ઓક્ટોબર-'૯૮ ના રોજ સવારે ૯

કલાકે ભાવભરી રીતે નવા બંધાયેલા હોલમાં પૂ. મા–પ્રભુના સ્વરૂપની સમક્ષ પ્રાર્થનાઓના સૂર સાથે સાદી ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી. દીપ પ્રકટાવવામાં શ્રી બાલુભાઈ જાંબુચા, શ્રી બાપજી, શ્રી બાબુભાઈ વ્હોરા સહભાગી થયા. પૂ. મા–પ્રભુના સ્વરૂપોને પુષ્પગુચ્છ અર્પણ શ્રી શાંતિભાઈ કનેરિયા તથા શ્રી કલ્યાણદ્વારા કરવામાં આવ્યા. સાધકો–ડોક્ટરો અને સહયોગીઓથી ભરેલા હોલમાં દિવ્યતા અને મા–પ્રભુની પ્રત્યક્ષ ઉપસ્થિતિનું મોજું ફરી વળ્યું. હોલમાં નાક, કાન, ગળાના ડોક્ટર શ્રી પ્રકાશભાઈ શાહ, બાળરોગના ડોક્ટર શ્રી કુંદનબેન ગોહિલ, જનરલ ફીઝીશ્યન શ્રી જયેશ પટેલ, શ્રી પિયૂશભાઈ, ટી. બી. નિષ્ણાંત ડો. આર. એમ. ઠક્કર, ડો. વારો, ડો. માંડકે, જનરલ સર્જન ડો. સુનીલ જોશી, ડો. મનસુખભાઈ પટેલદ્વારા દરદીઓના વિવિધરોગનું નિદાન કરી દવાઓ લખવામાં આવી. વિશ્રાંતિગ્રહના રૂમમાં આંખના ડોક્ટર શ્રી નિરંજનભાઈ મોઢ, ડો. એસ. એલ. પટેલ, ચામડીના ડોક્ટર શ્રી જીતેન્દ્ર શાહ, દંતરોગ નિષ્ણાંત ડો. મોતીલાલ અગ્રવાલ, સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. ટેલર, ડો. હરેન્દ્ર સુરતીયાદ્વારા દરદીઓની તપાસ કરી દવા લખી આપી. નિદાન યજ્ઞમાં ટી. બી. ના દરદીઓનો એક્સ–રે લેવાનું કામ અમરગઢ ટી. બી. હોસ્પીટલના ટેકનીશીયનો ખાસ મેડીકલ વાનમાં કરી રહ્યા હતા. હોલના પ્રાગણમાં દરદીઓનું રજીસ્ટ્રેશન શ્રી ગૌતમકુમાર, શ્રી રાજીવ જાની, શ્રી વિજય કલોલા, શ્રી ધરા, નેહલ, રંજનબેન દેસાઈ, ઝરણા હરિયાણી, શ્રી ગીતા ઠાકર, શ્રી જયા પટેલ, વગેરેની આગેવાની હેઠળ થતું હતું. દરદીઓને પાણી પાવાનું કામ રંજનબેન ઠાકર તથા જે. કે. પટેલદ્વારા થતું હતું, દરદીઓને દવા આપવાનું કામ શ્રી રમેશભાઈ પારેખ, શ્રી સુનીલ



ભાઈ, શ્રી ગૌરાંગ મહેતા, શ્રી કે. પી. વ્યાસ, શ્રી ભરવાડ કનુભાઈ વગેરેએ સંભાળ્યું હતું. દરદીઓને ચશ્મા આપવાનું કામ શ્રી કલોલા તથા શ્રી બાપજીએ કર્યું. કપડાં વિતરણની જવાબદારી શ્રી અશ્વિનભાઈ જોશીએ સંભાળી. ડોક્ટરોને શરબત તથા ચા–પાણી આપવાની જવાબદારી શ્રી હેમલભાઈ, શ્રી ઈશ્વરભાઈ છાટબાર રક્ષાબેન, વૈશાલી, ઉષાબેન, રેણુકાબેન કૌમુદીની, મયૂરીબેન વગેરેએ ઉપાડી.

**ભોજન વ્યવસ્થા:**–ડોક્ટરોને સવારનો નાસ્તો તથા બપોરનું ભોજન આપવાની જવાબદારી શ્રી રેવાશંકરભાઈ, શ્રી છાટબાર, ડો. જી. ટી. દેસાઈ, શ્રી લાભુબેન, શ્રી વિનુભાઈ અમીન, ધર્મિષ્ઠાબેન, દીપિકાબેન, કીર્તિબેન, મંજૂલાબેન અમીન, દેવરાજભાઈ, હીનાબેન, પ્રીતિબેન, રાજેન્દ્રસિંહ, સુધાબેન, કલાવતીબેન, અજય જાની, વિજયભાઈ કલોલા, સુધાબેન, રંજનબેન દેસાઈ, ગીતાબેન ઠાકર, કિરણબેન જોશી, પુનિતા, ઉર્વશીબેન, ભારતીબેન, કીર્તિબેન સોલંકી, હિરેન દવે, ધવલ દવે, કનુભાઈ, કંચનલાલ પટેલ, નિલેશ કણઝરિયા, જયશ્રીબેન વ્હોરા, જયાબેન પટેલ વગેરેએ વહન કરી.

**સન્માન વ્યવસ્થા:**–ડોક્ટરોનું સન્માન પ્રતિક ભેટ આપીને કરવામાં આવ્યું. શ્રી રાજેન્દ્રભાઈ જાનીદ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. શ્રી વિજયભાઈ કનેરિયા, વિનુભાઈ અમીન, વગેરેએ સહયોગ આપ્યો. ડોક્ટરોને સ્મૃતિ ભેટ શ્રી બાબુભાઈ વ્હોરા, શ્રી બાલુભાઈ, શ્રી બાપજી, શ્રી કલોલા, શ્રી વિજયભાઈ કનેરિયા વગેરેના હસ્તે અર્પણ કરી. સૌ ડોક્ટરો વતી શ્રી જીતેન્દ્રભાઈ શાહે પ્રતિભાવ આપ્યો કે આ વિસ્તારમાં આવો નિદાનયજ્ઞ થયો નથી. ભાવથી સાધકોએ દરદીઓનો ખ્યાલ રાખ્યો, ૮ દરદી-

એ એક સાધક ભાઇ–બેન હતા. શ્રી નારાયણભાઇ જાનીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને શ્રી એસ. એસ. વાઘેલાએ આભાર દર્શન કર્યું.

**વિડિયો–ફોટોગ્રાફી કવરેજ:–**શ્રી અજય કલોલા, શ્રી ચંદ્રકાંત-ભાઇ પટેલ તથા હેમલદ્વારા વિડિયો તથા કેમેરાદ્વારા આખાયે નિદાન યજ્ઞનું કવરેજ કરવામાં આવ્યું.

**નિદાન યજ્ઞના દર્દીઓની વિગત:–**

| રોગનો પ્રકાર | દર્દીઓની વિગત |
|---|---|
| સામાન્ય રોગ ચિકિત્સા | ૭૪ |
| બાળકો | ૧૦૬ |
| કાન નાક ગળું | ૯૭ |
| પેટનાં દર્દી | ૧૬૦ |
| ટી. બી. દમ શ્વાસ | ૧૦૩ |
| આંખના રોગ | ૨૧૩ |
| દાંતના | ૬૧ |
| ચામડીના | ૧૨૦ |
| સ્રી રોગ | ૪૬ |
| કુલ | ૯૮૦ |

આ ઉપરાંત ૧૦૫ દર્દીઓના નંબર તપાસી મફત ચશ્મા આપ્યાં.

વળી પાછળથી મોડા આવેલ ૫૦ જેટલા દર્દીઓને ભૂપેન્દ્ર સુરતિયા (નિર્વિકલ્પે) તપાસી દવાઓ આપી.

આ દર્દીઓ જો આ જ દાક્તરોને બતાવવા પાલનપુર કે બીજે ગયાં હોત તો દાક્તરની તપાસવાની ફી, દવાની ખરીદી અને



જવા આવવાના ભાડા સહિત દરેકને ઓછામાં ઓછો રૂા. ૨૦૦ કે તેથી વધારે ખર્ચ થયો હોત પરંતુ ખરી કરુણતા તો એ જણાતી કે આમાંના મોટાભાગના માણસો આટલા પૈસા કદી ખર્ચી શકે તેવી સ્થિતિ ધરાવતા ન હતા. તેથી તેઓ કદી દવા લેવા જાત નહીં.

આ પ્રસંગે પેથાણી ટ્રસ્ટના નવીનભાઇ શાહ વતી આદિવાસી વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અશ્વિનભાઇ જોષીએ આ દર્દીઓને અથવા તેમનાં બાળકો માટે ૫૦૦ જેટલા ઉનના સ્વેટર જર્સી વગેરે મફત વહેંચ્યાં હતાં. આ નવાં જેવાં કપડાંનાં ઢગલામાંથી સહુને પોતાની પસંદગીનું એક કપડું પસંદ કરી લેવાની છૂટ હતી. આ નિદાન યજ્ઞને લીધે જ આ વિદેશી કપડાંઓનું વિતરણ આદિવાસી ભાઇબહેનોમાં શક્ય બન્યું હતું. જે તેઓને આગામી શિયાળામાં આશીર્વાદરૂપ થશે.

**આર્થિક યોગદાન:–**આવા સેવાના કામમાં લોકો સ્વેચ્છાપૂર્વક સહાય આપે જ. તેનો ઉપયોગ નિદાન યજ્ઞની જુદી જુદી પ્રવૃત્તિ માટે થયો. સુરતના શ્રી પ્રભાબહેન પટેલ, રાજકોટના શ્રી જયસુખભાઇ અમરતીયા, વડોદરાનાં એક બહેન અને નવરાત્રિ જપયજ્ઞમાં ભાગ લેનાર ભાઇબહેનોએ યથાશક્તિ દાન આપ્યાં.

**પરિવહન સેવા:–**શ્રી પ્રભુદાસ હળવદીયા, શ્રી જયસુખભાઇ પટેલ તથા શ્રી જે. કે. પટેલે પોતાના વાહનદ્વારા પવિવહનની ઉત્તમ સેવાઓ પૂરી પાડી હતી.

**શ્રી મા–પ્રભુની કૃપા:–**સમગ્ર નિદાન યજ્ઞમાં કોઇ વિઘ્ન ન આવ્યું. આગલા દિવસો સુધી રોજ થોડો થોડો વરસાદ આવતો પરંતુ તે દિવસે પ્રકૃતિ દેવીએ પણ કૃપા કરી, વળી વિજળીની

સેવા પણ વિના અવરોધ આખો દિવસ ચાલુ રહી. દરેક સાધકે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક વહન કરી, ડોક્ટરો પ્રભાવિત થયા. સહયોગી સંસ્થાના વડાઓ પણ પ્રસન્ન થયા. પરિણામરૂપે વારંવાર સહકાર આપવાની દરખાસ્ત કરી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ રાજી થયા. શ્રી બાબુભાઇ વોરા અને તેમનાં પુત્રી જયશ્રીબેન તેમ જ ભાવનગરથી શ્રી બાલુભાઇ તેમ જ તેમનાં પત્ની વિમળાબેન નિદાન યજ્ઞ માટે જ ખાસ આવ્યાં હતાં. શ્રી કંચનભાઇ તેમના પત્ની શ્રીમતી કૈલાસબેન આ નિદાન યજ્ઞ નિમિત્તે અત્રે મા–પ્રભુની કૃપાથી જ પહોંચી ગયાં. લોકો પણ ખુશ થયા. સ્થા- નિક વિસ્તારમાં સ્વર્ગારોહણની સુવાસ ખૂબ સારી રીતે ફેલાણી. પૂ. મા–પ્રભુનો પ્રવેશ હૃદયપ્રદેશમાં પરોક્ષ રીતે થયો તે પણ તેમની જ કૃપા. તેમની કૃપાનો જ જય જયકાર હો.


અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯




અંબાજીના સ્વર્ગારોહણમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પનું દૃશ્ય ૪-૧૦-૯૮. જ્યારેનું ટી. બી. ચિકિત્સાવાન અમારી બાજુ ઊભેલું જણાય છે.




અંબાજીના સ્વર્ગારોહણમાં બાર વર્ષ સુધી સેવા આપનાર શ્રી બાલુભાઇ જામ્બુચા, નવા બંધાયેલ હોલમાં દીપ પ્રકટાવી નિદાન કેમ્પનું ઉદ્‌ઘાટન કરી રહ્યા છે.



નિદાન કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે નવા હોલમાં પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીનાં સ્વરૂપોને પુષ્પગુચ્છ અર્પણ કરતા શ્રી શાન્તિભાઇ કનેરિયા અને શ્રી ગોરધનભાઇ કલોલા-(કલ્યાણ).




નિદાન કેમ્પમાં દાક્તરોને બતાવી બે રબારીઓ એક વૃદ્ધને ખભાઓનો ટેકો આપી બહાર લઈ જઈ રહ્યા છે.



ડૉ. જીતેન્દ્રભાઈ શાહ–સ્કીન સ્પેશિયાલીસ્ટ એક બાળકની દૂંટી આગળ વધી ગયેલી ચામડીનું નિદાન કરી રહ્યા છે.



દર્દીઓને દવાઓના વિતરણ પછી બુંદી અને ગાંઠિયાના નાસ્તાના પેકેટ સાથે સરલ ગીતા પણ મફત આપવામાં આવેલ તેનું દૃશ્ય.



શ્રીવિજયભાઇ પુરોહિત (પૂ. બાપજી) એક બહેનને નંબર પ્રમાણેનાં ચશ્મા આપી રહ્યા છે. તેમની મદદમાં શ્રી કલ્યાણ છે. પાછળ સર્વમંગલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ વોરા દેખાય છે.



કેમ્પના પૂર્ણાહુતિ પ્રસંગે સર્વ ડાક્ટરોને ઈમરજન્સી ટ્યુબ લાઈટ ભેટ આપતી વખતે પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીનો પરિચય આપતા અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઈ જાની. ડાક્ટરોને પ્રકાશના પંથે ને સરસ્વતીના પણ ભેટ આપવામાં આવી.



## * "મા" સદાય દેતી *

(રાગ : ગિરિ તળેટી ને કુંડ દામોદર)

દેતી દેતી "મા" સદાય દેતી,
દેતી પણ કંઈ નહિ લેતી રે,
ભક્તોને જ્યારે ભીડ પડે ત્યારે,
સામે આવી ઊભી રહેતી રે. દેતી૦

પ્રીતિ દેતી, નીતિ દેતી,
કોઈને નહિ કહેતી રે,
વિવેક ને વળી વૈભવ દેતી,
સદાય દેતી દેતી રે. દેતી૦

સંસાર સાગર તરવાનું કહેતી,
ભક્તિ કરવાનું કહેતી રે,
દિશા ને વળી દૃષ્ટિ દેતી,
ભક્તોને દર્શન દેતી રે. દેતી૦

શક્તિ દેતી, ભક્તિ દેતી,
દેતી દેતી ને દેતી રે,
દાન કરવાનું એ તો કહેતી,
લેવાનું નહિ લેતી રે. દેતી૦

કહેવાનું હોય, તેને કહેતી,
દુર્લભ વાત નહિ કહેતી રે,
દેવાનું હોય તેને દેતી,
મસ્ત થઈને દેતી રે. દેતી૦

— ભજનાનંદી શ્રી દુર્લભજી ભક્ત

ભગવાને મનુષ્યદેહમાં ત્રણ વસ્તુઓ આપી છે. એ છે શરીર, ઇન્દ્રિયો અને મન. આ ત્રણે વચ્ચે સંવાદ સાધી તેમનો શ્રેષ્ઠ વિકાસ કરવાની ક્ષમતા કેવળ યોગદ્વારા જ થઇ શકે છે. એટલે તેને કોઇ જાતિ, દેશ કે સંપ્રદાય સાથે સંબંધ નથી. હરેક મનુષ્ય–સ્રી કે પુરુષ–તેની મારફત વિકાસ સાધી આત્મકલ્યાણ પ્રાપ્ત કરી શકે છે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




# અંબાજીનો નવરાત્રિ જપયજ્ઞ

તંત્રી

અંબાજીના સ્વર્ગારોહણમાં આ વર્ષે નવરાત્રિ દરમ્યાન જપ–યજ્ઞ ખૂબ સફળ રહ્યો. તા. ૨૧–૯–૯૮ ના રોજ શરૂઆતથી જ લગભગ દોઢસો સાધક ભાઇબહેનો તેમાં જોડાઇ ગયાં હતાં. અંતમાં આ સંખ્યા વધીને ૨૪૦ સુધી પહોંચી.

સ્વર્ગારોહણના વિસ્તારમાં જે નવા સત્સંગ ભવનનું નિર્માણ સમયસર પુરું થઇ જતાં સાધકોને ઘણી સુગમતા રહી, કારણ કે આ વરસે નવરાત્રિ દરમ્યાન વરસાદના ઝાપટાં અવારનવાર પડતાં રહેતાં. તેથી ધ્યાન, જપની તેમ જ રાત્રિ ગરબાની બેઠકો-માં સતત વિક્ષેપ થયાં કરત.

આ સત્સંગ ભવનનું નિર્માણ શ્રી શાન્તિભાઇ કનેરિયાની કુનેહ અને ઉત્સાહને લીધે માત્ર ચાર માસ જેટલા ટૂંકા સમયમાં જ થયું. તેઓ તેમની પત્ની શ્રી લાભુબેન સાથે અહીં એકધારા રોકાયા. તેમની મદદમાં વડોદરાના શ્રી વિનુભાઇ અમીન અને એમનાં પત્ની શ્રી મંજુલાબેન પણ રહ્યાં. ભવન સાથે મોટા રસોડાનું તેમ જ બાથરૂમ–જાજરૂની પણ સરસ સુવિધાઓ કરી છે. એટલે તો ૫૦ જેટલા સાધક ભાઇઓના ઉતારાની વ્યવસ્થા પણ આ હોલમાં ગોઠવી શકાઇ.

કળિયુગમાં જપનું મહત્ત્વ ખૂબ ગવાયું છે. **जपात् सिद्धिः कलौ युगे।** એ જ રીતે ભગવાન કૃષ્ણે ગીતામાં વિવિધ યજ્ઞોમાં **यज्ञानां जपयज्ञोऽस्मि।** યજ્ઞોમાં જપયજ્ઞ હું છું એમ કહીને ભગ-વાન શ્રીકૃષ્ણે જપયજ્ઞની સર્વોપરિતા ઉપર મહોર મારી છે.

દર વરસની જેમ જપ યજ્ઞનું સંચાલન શ્રી અજયભાઇ કલોલા, શ્રી પ્રભુભાઇ હળવદિયા તેમ જ ડૉ. શ્રી ભૂપેન્દ્ર સુરતિયા–ડૉ. નિર્વિકલ્પની મદદથી સંભાળતા. આ વર્ષે પણ એમ જ શરૂ થયું.

જપ યજ્ઞનો પ્રારંભ વહેલી પરોઢમાં પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીની પ્રભાતિયા ઢાળમાં સુરીલા કંઠે ગવાતી બાવનીઓથી થતો. તેમાં ખાસ કરી કપૂરાનાં શ્રી સરોજબેન અને બીજી બહેનો જોડાતી. મંદ મધુર કંઠે ગવાતી આ રચનાઓ ખૂબ કર્ણપ્રિય લાગતી.

બરાબર છ વાગે ધ્યાનની બેઠકનો ઘંટ વાગતો. આટલા વહેલા તૈયાર થવા માટે સાધક ભાઇબહેનો–ચાર વાગ્યા પહેલાં ઊઠી જતાં ને પોતાનાં સ્નાનાદિ કર્મોથી પરવારી–હૉલમાં હાજર થઇ જતાં.

શ્રી યોગેશ્વરાય નમઃ અને મા શ્રી સર્વેશ્વર્યૈ નમઃના પવિત્ર મંત્રોચ્ચારથી સહુ ધ્યાનમાં જોડાઇ જતાં. આ વખતનું વાતાવરણ ખૂબ સરસ લાગતું. માણસના તાજા મનને શાન્તિનો અનુભવ કરાવવામાં જાણે પ્રકૃતિ પણ સાથ આપતી. પક્ષીઓના ભગવાન સૂર્યની આલબેલ પોકારતા મીઠા કલરવો પણ ધ્યાનમાં વિક્ષેપરૂપ ન લાગતા.

ધ્યાન પછી સમૂહમાં પંચાંગ પ્રણામનો કાર્યક્રમ શરૂ થતો. કેટલાક વૃદ્ધ અને અશક્ત ભાઇબહેનો સિવાય બધાં જ ભાઇબહેનો એમાં જોડાતાં. નવરાત્રિમાં અહીં એકબાજુ વરસાદના થોડા છાંટણાં થતાં, તો બીજી બાજુ ગરમી પણ એવી લાગતી. પ્રભુના પ્રણામ એટલે ભક્તિ સાથે વ્યાયામ. આ વ્યાયામના પરિણામે ખૂબ પરસેવો થતો.



પૂ. ગુરુદેવ, પૂ. માતાજી અને મા સર્વેશ્વરીની આરતીઓ ગવાતી. પછીના વિરામમાં સાધકો દૂધ પી લઇ, પોતપોતાની બેઠકો સંભાળી લેતા. કારણ કે સંચાલકશ્રી અજય કલોલા સમયપાલનમાં ચુસ્ત હતા.

મૌન જપ–એટલે સંસારના વિષયોમાં જોડાયેલા રહેતા મનને–આ વિષયોથી છૂટુ પાડી ભગવાનના નામસ્મરણમાં જોડવું. ભગવાનની સ્તુતિ કે સ્તોત્રપાઠ કરવા–ભગવાનને લગતી અને મનને ગમતી પ્રવૃત્તિમાં જોડી દેવું. પણ આ ઘણું અઘરું લાગે; કારણ કે બાહ્યવિષયોમાં સદા રમવા ટેવાયેલું મન એમ જલ્દીથી પોતાની રોજીંદી જ નહિ, કિન્તુ અનેક જન્મોની ટેવ બદલે નહિ. એ માટે અભ્યાસ જરૂરી. ધીરજથી મન પાસે કામ લેવાનું. એમાં બળજબરી ચાલે નહિ. કૃત્રિમ રીતે દબાવેલું મન, ગમે ત્યારે સ્પ્રીંગની જેમ ઉછળી પડે. એટલે નવરાત્રિના નવ દિવસોનો અભ્યાસ–અહીંથી ગયા પછી જો ચાલુ રહે તો મનને સ્થિર કરી, ભગવાનના સ્મરણમાં જોડવામાં જરૂરથી સહાયરૂપ થાય. કિન્તુ અભ્યાસની સાથે વૈરાગ્ય પણ જોઇશે. વૈરાગ્ય એટલે આસપાસ દેખાતી ભૌતિક વસ્તુઓ, વ્યક્તિઓ, પરિસ્થિતિઓની વિનાશશીલતાનો સતત ખ્યાલ આ દુનિયામાં ફક્ત ભગવાન સિવાય બધું જ પરિવર્તનશીલ છે, કાયમી કશું જ નથી. એટલે એકમાત્ર ભગવાનમાં જ મનને જોડવાનો ઉપદેશ ધર્મગ્રંથો ને સંતો આપતા રહે છે.

સંગીત એક એવું સાધન છે કે મનને સ્થિર કરવામાં તે મદદરૂપ બની શકે. એટલે જ આ શિબિરમાં ધૂન અને ભજનોનો કાર્યક્રમ ખરો જ. સંગીતમાં એ શક્તિ છે કે માણસના મનને સુરીલા શબ્દો આકર્ષી એકાગ્ર બનવામાં મદદરૂપ થાય છે. વળી

પ્રભુના નામની ધૂનો એવી તો જામતી કે સમય ક્યાં પસાર થઇ જતો તે ખબર સુદ્ધાં ન રહેતી. શ્રી પંડિતજી, શ્રી નીલેશ ટેલર, શ્રી સરોજબેન ભક્ત, શ્રી કૈલાસબેન જોષી, શ્રી ચીમનભાઇ મહેતા—તેમ જ શ્રી જયરામભાઇ પટેલ વગેરે સારી રમઝટ બોલાવતા. શ્રી શ્યામભાઇ તેમાં તબલાથી સરસ તાલ ધરતા.

નવરાત્રિ એટલે સ્રીશક્તિના મહિમાનું ગાન. દુર્ગાસપ્તસતી એ આદ્યાશક્તિના મહિમાના ગાનનું પુસ્તક. તેના તેર અધ્યાયમાંથી પૂ. મા શ્રી સર્વેશ્વરીની પસંદગી પામેલા પાંચમા અને અગિયારમા અધ્યાયોનું સમૂહગાન એ આ શિબિરના નિત્ય કાર્યક્રમનો એક ભાગ.

પ. પૂ. ગુરુદેવના પ્રવચનની ઓડિયો કેસેટ રોજ મૂકાતી. મહાપુરુષોનાં પ્રવચનોનો મુખ્ય ઉદ્દેશ અવરોધરૂપ બનતા, મનના દોષો દૂર કરી પ્રભુપરાયણ બનવાની શીખ આપે. આજે ધર્મને નામે પ્રચલિત ભ્રાન્ત માન્યાઓ દૂર કરી, સાચા ધર્મની સમજ આપે. પૂ. યોગેશ્વરજીએ ધ્યાન, જપ, સ્તોત્રપાઠ સાથે અન્યોને ઉપયોગી થવાની વાતો પણ સમજાવી છે.

બહારના ત્યાગને બદલે અંદરના ત્યાગની જરૂરિયાત પ્રત્યે ભાર મૂક્યો છે. બહારથી ત્યજે, પણ અંદરથી ભજે, એમાં કોઇ ભલીવાર ના આવે. વિવેક ને વૈરાગ્યનું પીઠબળ જોઇએ એટલે બાહ્યત્યાગનો સાધન તરીકે ઉપયોગ કરી અંતરના ત્યાગ સુધી પહોંચવાનું છે.

સમય અને વાણીનું મૂલ્ય સમજીએ, એને ન વેડફીએ વાણી એ તો પ્રભુએ તેના સુધી પહોંચવાની આપેલી મોટામાં મોટી અસ્ક્યામત્ છે તેથી તેનો ઉપયોગ પ્રભુના ગુણાનુવાદ ગાવામાં ને



બીજાઓને સુખ, શાન્તિ અને શાન્તવન આપવામાં કરીએ. ભાવના સાથે કર્મ કરવામાં આવે તો કર્મનો કંટાળો કે થાક જણાતો નથી. કર્તવ્ય પણ ભાવનાથી ભક્તિ બની જાય છે.

શ્રી કલ્યાણના પ્રવચનો પણ ખૂબ પ્રેરણાદાયક રહ્યાં. તેઓએ ઉદાહરણો આપી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સર્સમર્થતાની વાતો કરી. તેમણે સમજાવ્યું કે અહીં આપણે પૂ. માના પવિત્ર સ્મરણનું જેટલું બંધાય એટલું ભાથુ બાંધી લઇએ. બસ, આપણે પૂ. માના થઇ જઇએ. પછી પૂ. મા આપણને સર્વ પ્રકારે સંભાળશે. એકવાર પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક પૂ. માનું શરણ સ્વીકારી, એને ચરણે સર્વ-સમર્પણ કરી દઇએ. પૂ. માના ઘણા બધા લીલાપ્રસંગો સાધકોની શ્રદ્ધાભક્તિ વધે તે માટે વર્ણવ્યા તેમાં પૂ. માની સપ્તશૃંગીમાતાની યાત્રા, બાહુબલી ભગવાનની, વૈષ્ણવીદેવીની, અને દશરથાચલની યાત્રાઓ—પોતાના દૈવી સામર્થ્યના દર્શન કરાવવા માટેની લીલાઓ જ હતી, એમ જણાવ્યું.

શ્રી વામનભાઇની દીકરી મીનાક્ષીના મોક્ષની કથા ભાગવત-ના ગજેન્દ્રમોક્ષની કથાથી જરાય ઉતરતી નથી. સંસારના વિષયો-માં રાચતી છોકરીને દોઢ વર્ષના સત્સંગથી પ્રભુપંથે વાળી તેનો મોક્ષ કર્યો.

પૂ. મા સર્વને પ્રેમ કરે છે. પ્રેમનું પરમ સાધન લઇને તેઓ પ્રકટયાં છે અને માનવોના સાંસારિક મનોને સંસારની માયા અને વિષયોમાંથી ખેંચીને પ્રભુના માર્ગે લઇ જવા પુરુષાર્થ કરી રહ્યાં છે. પૂ. માનાં આયુધો અસૂરોને હણનારાં ખડ્ગ કે ત્રિશૂલ નથી, પણ પ્રેમ, પવિત્રતા, પ્રસન્નતા ને પુરુષાર્થ છે. પૂ. માની ધીરજ અખૂટ છે. તે કદી કંટાળતાં નથી કે ધીરજ ખોતાં નથી. એમને

પોતાના પ્રેમની શક્તિમાં અને હરેક માણસમાં રહેલી સારપમાં શ્રદ્ધા છે. એટલે તેઓ તેમના સંસર્ગમાં આવતા માણસોને પ્રભુના માર્ગે વાળવામાં સફળ બને છે.

પૂ. માને કોઇ પારકું કે પરાયું નથી, તેમ જ નથી કોઇ ધનવાન કે ગરીબના ભેદ. તેમને મન સીમલાની હૉટેલનો વેઇટર ધનીશ કે હરિદ્વારનો રીક્ષાવાળો લખીરામ, બાપજીના ભાઇ રેવાશંકર કે આર્યનિવાસના મેનેજર શ્રી રમેશનાં બાળકો–સહુને પૂ. મા પ્રેમથી ખૂબ ખૂબ વરસીને–પ્રભુના પંથે વાળતાં રહે છે. આવાં મા દુનિયામાં ક્યાં મળવાનાં?

અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇ જાનીએ પણ સાધકોને ઉપયોગી એવો હકારાત્મક અભિગમ જીવનમાં અપનાવવા તેમ જ પ્રભુ કે સંતની કૃપા પામવા તેમના પ્રત્યે અભિમુખ થવું જોઇએ, એ વાત સમજાવી હતી. પ્રભુને સન્મુખ થયા વિના પ્રભુ કૃપા કરતા નથી.

વળી અહીં જપયજ્ઞમાં આવેલ ભાઇબહેનોને સમયસર દૂધ બપોરે ફ્ળો ને નાસ્તો તેમ જ સાંજે સાત્ત્વિક ખીચડી, શાક અને કઢીનું ભોજન–ચોક્કસ સમયે મળી રહે તે માટે પડદા પાછળ રહી કામ કરનાર ભાઇબહેનો–તેમના સેવાના કામોની ફરજ છોડી સત્સંગમાં આવી શકતાં નથી. આ બધા ભાઇબહેનોમાં શ્રી ઈશ્વરભાઇ છાટબાર, શ્રી પ્રભુભાઇ હળવદિયા, શ્રી રેવાશંકરભાઇ, શ્રી વિનુભાઇ અમીન, શ્રી રાજીવ જાની, ડૉ. નિર્વિકલ્પ, શ્રી મંજુલાબેન, શ્રી મંદા અને દર્શના શ્રી લાભુબેન, શ્રી ચંદ્રિકાબેન, શ્રી દીપકભાઇ, શ્રી નિલેશભાઇ, શ્રી વીનેશકુમાર, તેમ જ ઝણોરની બહેનોનો સમાવેશ થતો હતો. તેઓ બધા માટે આપણે પ્રાર્થના



કરવી જોઇએ. કોઇની પણ સેવા માટે કૃતજ્ઞતાનો ભાવ અભિવ્યક્ત કરવો એ પણ સાધનાનો એક ભાગ બનવો જોઇએ.

છેલ્લા ત્રણ દિવસના કાર્યક્રમમાં ભજન, ધૂન, સાધકોના અનુભવો ઉપરાંત પ્રશ્નોત્તરીના કાર્યક્રમનો પણ સમાવેશ શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતજી) એ કર્યો હતા. તેનાથી કાર્યક્રમમાં ઝમક આવી.

પરદેશથી આવેલ શ્રી રમેશભાઇ ભક્ત અને છોટુભાઇ ભારતીએ પણ પૂ. માના કૃપાપ્રસંગો વર્ણવ્યા. બીજા ઘણા બધા સાધક ભાઇબહેનોએ પણ પોતપોતાની અનુભૂતિ કહી હતી. મુંબઇથી આવેલ શ્રી જ્યોત્સ્નાબેને પૂ. મા પરદેશ પધાર્યાં તે પછી નાની મોટી ઘટનાઓમાં પૂ. માની આધ્યાત્મિકતા કેવી સરસ રીતે વ્યક્ત થતી હતી, તે પ્રસંગો રોચક શૈલીમાં વર્ણવ્યા હતા.

વિદેશથી આવ્યા છતાં પૂ. મા સર્વેશ્વરી નવરાત્રિ જપયજ્ઞમાં હાજર રહી ન શક્યાં તેથી સાધકોને થોડી નિરાશા થઇ. કિન્તુ શ્રી કલ્યાણ અને શ્રી નારાયણભાઇ જાનીએ શિબિરની ઉપલબ્ધિઓ વર્ણવી સાધકોનાં મન હળવાં કર્યાં. સાધકોને પૂ. માનાં દર્શન જલ્દી થશે એવી ધરપત આપી.

શિબિર દરમ્યાન શ્રી હરેશભાઇ કોન્ટ્રેક્ટર દરરોજ હળવી કસરતોથી સાધકોનો થાક દૂર કરતા. આ કસરતોને રોજીંદા જીવનમાં વણી લેવાની જરૂરત કહી હતી. બીજી મહત્ત્વની તેઓએ કરેલી શારીરિક સ્વાસ્થ્ય માટે મહત્ત્વની વાત ઠંડે પાણી નાહવાની અને હૂંફાળુ પાણી પીવાની હતી. જો કે વાસ્તવિક જીવનમાં આપણે સહુ ઠંડું પાણી પીએ છીએ અને ગરમ પાણીએ નાહીએ છીએ, આરોગ્ય માટે આ વિપરિત અસર કરનારું છે. તેઓનું

બીજુ એક સૂચન એ હતું કે ભારતમાં ગુજરાતીઓ જ તુવેરની દાળનો ઉપયોગ વધુ કરે છે. કિન્તુ એકલી તુવેરદાળ પીત્તકારક છે. એટલે તેમાં સૂરણ કે રીંગણ જેવાં શાકભાજી નાંખવાથી તેની પિત્તકારકતા ઘટી જાય છે. આહારમાં આ પ્રકારના ફેરફારથી એસીડીટીવાળા દર્દીઓને જરૂરથી ફાયદો થાય છે. આધ્યાત્મિકતાના દિનભરના અહીંના કાર્યક્રમમાં શ્રી હરીશભાઇનો આ કાર્યક્રમ વિવિધતા પ્રેરક બની રહેતો.

શ્રી હરિભાઇ ભોજાણીનાં પત્ની બિમાર હોવાથી તેમના માટે સહુ સાધકોએ સમૂહમાં મહામૃત્યુંજય મંત્રના જપ કર્યા હતા.

ભોજન પછી બે કલાકના વિરામબાદ શિબિરાર્થી ભાઇબહેનો ગરબે ઘૂમવામાં પ્રસન્નતા અનુભવતાં. નવરાત્રિમાં ગરબા હોય જ. સ્રીશક્તિના મહિમાનું આ પર્વ એટલે સહુને તેના ગાનમાં આનંદ આવે.

ગરબા પછી પૂ. માની દશરથાચલ યાત્રાની કેસેટ બતાવવામાં આવતી, તેનો બધા સાધકો લાભ લેતા.

દરરોજ ખીચડીના ભોજનમાં ભેળવાતું શુદ્ધ ઘી શ્રી મેઘરાજ તરફથી ગામડેથી લાવવામાં આવેલું. છેલ્લા દિવસના મિષ્ટાન્ન ભોજનનો ખર્ચ રાજકોટના શ્રી નવીનભાઇ દવે તરફથી આપવામાં આવ્યો. હોલની સુવિધાને લીધે, ભોજનની વ્યવસ્થા પણ હોલમાં જ થતી.

આમાંથી ૭૫ જેટલા સાધક ભાઇબહેનો—નિદાન યજ્ઞમાં સેવા આપવા ખાસ જોડાયા હતા.



# અમેરિકામાં હનુમાનજીની ભક્તિ

**શ્રી પરમાર્થી**

લાસવેગાસ જો જઇ શકાય તો મનની બે ઇચ્છાઓ પૂર્ણ થઇ શકે : સહાધ્યાયી મિત્ર શ્રી છોટુભાઇ ભક્ત અને તેના ધર્મપત્ની શ્રી ડાહીબેન સાથે બે દિવસ રહી શકાય તથા તેની નજીકમાં જ ટાઓસ નગર આવેલું હોઇ ત્યાં જઇ હનુમાનજીનાં દર્શનનો લાભ મેળવી શકાય. તેથી મેં લાસવેગાસ મૂકી આવવા આગ્રહપૂર્વક મારા ભાણેજને વિનંતિ કરી.

અમેરિકામાં લાસવેગાસ તો બે છે. જે લાસવેગાસ સમસ્ત જગતનું આકર્ષણ કરે છે તે તો નેવેડા સ્ટેટમાં આવેલું છે. ત્યાં જુગારનું બજાર ભરાય છે. રાત્રે તો તેની જાહોજલાલી ને માદકતા અજોડ ગણાય છે. ત્યાં લખપતિ ને કરોડપતિઓના જુગારના અડ્ડાઓ છે. તેમાં પ્રવેશનાર નજરબંધીથી જાણે કે જકડાય જાય છે અને થોડું રમી લેવાની લાલચમાં ફસાયા વિના રહી શકતો નથી. અમે તે લાસવેગાસમાં નથી આવ્યા. અમે તો ન્યુ મેક્સિકો સ્ટેટના લાસવેગાસમાં આવ્યા છીએ. અહીં તેવું કોઇ આકર્ષણ નથી. હા, નાના નાના જુગારના અડ્ડાઓ અહીં પણ હશે. અમેરિકામાં શરાબ, સુંદરી ને સટ્ટો સામાન્ય ગણાય. તેનો જ્યાં અભાવ હોય ત્યાં મોટું આશ્ચર્ય સર્જાય. આ લાસવેગાસ તો દરિયાની સપાટીથી ૬૫૦૦ ફૂટની ઊંચાઇ પર આવેલું એક નાનુસરખું શહેર છે. આજે તેની વસ્તી સત્તર હજાર માણસની ગણાય છે. અહીં કોઇ તેવી દોડધામ કે ધમાલ જણાતી નથી. અહીં એકંદરે શાંતિ છે. નગરની આસપાસ ડુંગરાળ પ્રદેશની

હરિયાળી એવી પથરાયેલી છે કે આપણે ભારતમાં ફરતા હોઇએ તેવું લાગે.

શ્રી છોટુભાઇએ માહિતી આપી કે સામેના ડુંગર પર એક કોલેજ ચાલે છે. તે કોલેજની ખૂબ નામના છે. તે સમસ્ત દુનિયાના હોંશિયાર વિદ્યાર્થીને આકર્ષે છે. આ કોલેજ જેવી કોલેજો આખા જગતમાં નવ છે. આ કોલેજ આરમંડ હેમરનામની વ્યક્તિએ ચાલુ કરેલી. ઈ. સ. ૧૯૮૨ માં તેનો પ્રારંભ થયેલો.

અમે બીજે દિવસે તે કોલેજની મુલાકાતે ગયેલા. ત્યાં દર વરસે સોળથી ઓગણીસ વર્ષની વયના હોંશિયાર વિદ્યાર્થીને પસંદ કરવામાં આવે છે. કુલ બસો વિદ્યાર્થીની અહીં જગ્યા હોય છે. દુનિયાના ૭૦ દેશોના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. બે જ વર્ષનો અભ્યાસક્રમ તો હોય છે. IB ડિપ્લોમાં તરીકે તેની પ્રસિદ્ધિ છે. સહકાર, ન્યાય ને શાંતિના આદર્શને મૂર્તિમંત કરવાના ત્યાં પ્રયાસ કરવામાં આવે છે. અહીં ન્યાતજાત કે ધર્મના કોઇ ભેદો લક્ષમાં લેવામાં આવતા નથી.

વિદ્યાર્થી જગતમાં મસ્તી તોફાન ને ભાંગફોડ સહજ ને સ્વાભાવિક ગણાય છે. અહીં પણ તેની અછત નથી. પરંતુ હોંશિયાર વિદ્યાર્થીની શક્તિ મસ્તી તોફાનમાં ન વેડફાય ને તેને બદલે સર્જનાત્મક રીતે તે શક્તિના સ્રોતને વાળવાની જાગૃતિ અહીં જોવાની મળી. અહીં એક ધ્યાનમંદિર (Meditation Hall) બાંધવામાં આવ્યું છે. ચાર વર્ષ પહેલાં તેનું અસ્તિત્વ ન હતું. શિક્ષકોને વિદ્યાર્થીના મસ્તી તોફાનના પ્રસંગો અહીં વધવા માંડયા હતા તેથી તે બેકાબૂ બને તે પહેલાં વહીવટકર્તાઓએ આ ધ્યાનમંદિરની રચના કરી હતી. ધ્યાનમંદિરની રચના વિશિષ્ટ પ્રકારની છે. મંદિરમાં કોઇની મૂર્તિ નથી. અંદરથી ધ્યાનમંદિરનો આકાર ગોળ છે. બહારથી એવું જણાતું નથી. કહેવાય છે કે અહીં કાળચક્રની સ્થાપના વિધિસર રીતે કરવામાં આવી હતી. તે વખતે પ્રત્યેકધર્મના નિષ્ણાતોની મદદ લેવામાં આવી હતી. હાલમાં તે કાળચક્રની નિશાની જોવા મળે છે. વિધિસર જે મંત્રોનો જાપ ત્યાં થયો હતો તેની અસર કોલેજના કમ્પાઉન્ડમાં ભારે થઇ હતી એવું ત્યાંના સ્થાનિક લોકો કહે છે.



ધ્યાનમંદિર(Meditation Hall)ની રચના એવા પ્રકારની છે કે આખું વર્ષ ધ્યાનમંદિરની ગરમી ૭૫ થી ૮૦ ડીગ્રી રહે. અંદર કે બહાર નથી એરકંડીશન મશીન કે નથી હીટરની કોઇ જોગવાય. સૂર્યની શક્તિને સંગૃહિત કરીને ગરમીનું પ્રમાણ જાળવ્યું છે. ભૌતિક સમૃદ્ધિની છાકમછોળ જ્યાં ઊડયા કરતી હોય ત્યાં ધ્યાનનું મહત્ત્વ પ્રાયોગિક ધોરણે સ્વીકારીને આ સંસ્થાના વહીવટ કરનારાઓએ સુંદર પરિણામ હાંસલ કર્યું છે તે એક મોટી સિદ્ધિ ગણાય. રચના થઇ ને પ્રથમ વર્ષે ૬૫% તથા બીજે વર્ષે ૭૫% સફળતા મળી. વિદ્યાર્થીઓની શક્તિનો પ્રવાહ સર્જનાત્મક શક્તિ તરફ વળ્યો હોય તો United world collegeના શિક્ષકોને ખરેખર ધન્યવાદ ઘટે! બુદ્ધિજીવીઓ ભારતના ઋષિમુનિઓના ધ્યાનના વિચારોને અમલમાં અમેરિકા જેવા દેશમાં મૂકી રહ્યા છે તે જોઇને અમે તો ગૌરવની લાગણી અનુભવી.

ચિ. સુશીલા શ્રી છોટુભાઇની પુત્રવધૂ આ ધ્યાનમંદિરનો અવારનવાર લાભ લેતી રહે છે તે જાણીને અમને ખૂબ આનંદ થયો. આ સિવાય પણ ચિ. સુશીલા ધ્યાનના વર્ગો પણ કરી ચૂકી છે. ધ્યાનયોગ વિષે તેને જાણવાની ઘણી ઉત્કંઠા તેના વર્તનમાં ને તેની વાણીમાં પરખાયા કરતી હતી. મને ચિ. સુશીલાનો એક સત્સંગી ને જિજ્ઞાસુ જીવ તરીકેનો આજદિન લગી પરિચય ન હતો. મને તો એટલી જ ખબર હતી કે તેનાં માબાપ શ્રીમદ્

રાજચંદ્રનાં ભક્ત છે એટલે ચિ. સુશીલામાં પણ ભક્તિના સંસ્કારો છે. તેની સૂઝ સમજનો તો હવે પરિચય થયો. તેથી તેના પ્રશ્નોના જવાબરૂપે થોડો સત્સંગ પણ કર્યો હતો. માનવજીવનનો લ્હાવો આધ્યાત્મિક રીતે લૂંટવાનો વિચાર અમેરિકામાં રહેનારને આવે તે ખરેખર એક આનંદપ્રદ ઘટના ગણાય. સાથે સાથે એ પણ વાત સાચી કે લોહીના સંસ્કારો જતા નથી રહેતા. સમય ને સંજોગો અનુસાર તે જાગૃત થતા હોય છે ને જીવને ઉન્નતિને માર્ગે દોરી જતા હોય છે. મા સર્વેશ્વરીના જીવન વિષે જાણવાની તેની મનોકામના પ્રશ્નોત્તરીરૂપે તેથી જ સાકાર થઇ શકી. પૂ. માના જીવનની પણ થોડી વાત કરી ત્યારે જ તેને સંતોષ પણ થયો. મોડી રાત-સુધી સત્સંગની વાતો કરી અમે ખૂબ આનંદમાં સૂઇ ગયા.

બીજે દિવસે અમે છ જણા સાડા નવે ટાઓસનગરની યાત્રા કરવા નીકળ્યા. ટાઓસ લાસવેગાસથી સિત્તેર માઈલ થાય. પહાડી વળાંકોવાળો રસ્તો એટલે અમે મર્યાદિત ગતિથી બે કલાકે ટાઓસ પહોંચી શક્યા હતા. ટાઓસ ડુંગરની તળેટીમાં નાનું પણ સુંદર રળિયામણું નગર લાગ્યું. મકાનોની બાંધણી સાવ અનોખી. જૂના જમાનાની યાદ અપાવે એવી. નાના નાના બેઠા ઘાટનાં મકાનો જુદી જ ભાત પાડતાં હતાં. બારી બારણાની રીત પણ અનોખી. જોઈને પુરાતન કાળ યાદ આવે. એવામાં અમે એક બેઠા ઘાટના મકાન પર હનુમાનજીની ધ્વજા ફરકતી જોઇ અને અમે મંઝિલ પર આવી પહોંચ્યા એવો ભાવ થયો.

લગભગ બપોર થવા આવી હતી. અમે મંદિરમાં પ્રવેશ્યા ત્યારે રસોડા વિભાગમાં જમણવાર ચાલતો હતો. આ મંદિરમાં દર્શને આવનારને આગ્રહપૂર્વક જમાડવામાં આવે છે. અમને પણ સમય હતો એટલે આગ્રહ કરવામાં આવ્યો. પરંતુ અમારે પહેલાં



દર્શન કરવું હતું એટલે પછી કાંઇક લઇશું એવું કહીને અમે મંદિર-ના ગર્ભગૃહમાં પ્રવેશ્યા. મંદિર સાદું ને સરળ. એકદમ સ્વચ્છ ને સુંદર. એક તરફ હનુમાનજીની મૂર્તિ ને બીજી તરફ ગુરુ નીમ કરોલી બાબાની પ્રતિમા. અમે બંને પ્રતિમાઓને સાષ્ટાંગ કર્યા. બેઉ સ્થળોએ દીવો બળતો હતો. બંને મૂર્તિઓની પૂજા થઇ છે તેની કેટલીક નિશાનીઓ ત્યાં સ્પષ્ટ હતી. અમે પણ અમારી રીતે પૂજા કરીને એક સ્થળે બેઠાં. અમે હનુમાનચાલીસાનો સમૂહપાઠ કરવા-ની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ત્રણચાર અમેરિકનોએ અંદર પ્રવેશીને બંને મૂર્તિને સાષ્ટાંગ કર્યા હતા. ટાઓસ નગરમાં કોઈ હિન્દુ રહેતા નથી. ક્વચિત્ દર્શને આવે છે ને સાંજે પાછા ચાલ્યા જાય છે. અહીં અમેરિકનો જ દરરોજ આવે છે ને મંદિરમાં પણ રહે છે. તેઓ નિયમિત સવાર સાંજ હનુમાનજીની આરતી કરે છે. રામચરિત માનસનું વાચન પણ અવારનવાર થાય છે. અમે-રિકનોની અને તે પણ પાર્થિવ પદાર્થોની મોહિનીમાં ગરકાવ ગણાતા દેશમાં હનુમાનજી પ્રત્યેની નિષ્ઠા જોઈને અમોને માનની લાગણી પેદા થઈ.

અમે હનુમાન ચાલીસાનો પાઠ સરસ રીતે કર્યો. પછી શ્રી છોટુભાઈના સુપુત્ર ચિ. ઈશ્વરભાઈએ સત્સંગની દરખાસ્ત કરી એટલે મેં હનુમાનને જ્ઞાનના સાગર કેમ કહ્યા તે વિષે થોડી વાતો કરી. જ્ઞાનનું મહત્ત્વ સમજાવ્યું. ભક્તિ જ્ઞાનથી વધારે દીપે અને જલદી ફળદાયી બને તે વિષે મા સર્વેશ્વરીની થોડી વિશેષ વાતો કરી. હનુમાન એક આધ્યાત્મિક પ્રતીક તરીકે પણ સમજવા જેવા છે. માનવ મનની ઉન્નત દશા ત્યારે જ નિર્માણ થાય છે કે જ્યારે અભિમાન નાશ પામે. અભિમાન હોય ત્યાંસુધી સર્વ સમર્પણભાવ વાળી શરણાગતિ જાગતી નથી. હનુમાનજીનું દર્શન આપણને

મનની ઉન્નત દશા તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે. પૂ. મા સર્વેશ્વરીનો સર્વ સમર્પણભાવ તેવા જ પ્રકારનો ગણાય. પૂ. મા સર્વેશ્વરીની શરણાગતિનો સંદર્ભ યાદ કરીને મેં ગુરુતત્ત્વના મહિમાનું પણ ગાન કર્યું. "ગુરુ બિન કૌન બતાવે બાર?" એ કબીર સાહેબનું પદ ગાયું અને સત્સંગ પૂરો કર્યો.

બહાર નીકળીને અમે રસોડામાં અલ્પાહાર કર્યો ને પછી મંદિરનો અલગ ધ્યાનખંડ છે ત્યાં પણ ગયા. ઘડીયાળમાં જોયું તો અઢી વાગી ગયા હતા એટલે અમે ટાઓસમાં આવેલ 'રેડ-ઈન્ડિયનો'ની કોલોની જોવા ગયા. (ક્રમશઃ)


પ્રભુપ્રાપ્તિ માટે ઘર છોડવાની જરૂર નથી. જરૂર છે ફક્ત મનને સંસારથી અલિપ્ત રાખી, પ્રભુ અને પ્રભુનાં કાર્યો સાથે તેને જોડી રાખવાની. યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭

૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨




### અલાસ્કાની કુંવારી ધરતી પર

# પૂ. મા–પ્રભુના મૌન તનનું વિચરણ

ઘનશ્યામભાઈ કોઠારી, કેનેડા.

અબોલા કહાનથી લીધા રાધાએ, બસ ત્યારથી,
મહત્તા મૌનને લાધી, પ્રીતિના અર્થભારથી....જયંત પાઠક.

મૌન આત્માનો શ્રેષ્ઠ મિત્ર છે....લૉંગ ફેરો.

પૂજ્ય માની જીવનચર્યાના મૌન અને જપ અભિન્ન અંગ બની રહ્યાં છે. અથવા પૂ. મા અને મૌન–જપ એકબીજાના પર્યાય બની ગયા છે એમ કહેવું વધુ યથાર્થ લેખાશે.

મૌન બે પ્રકારનાં છે. એક વાણીનું મૌન અને બીજું મનનું મૌન. બંને મૌન પૂ. માને સહજ છે. પૂ. મા મૌનનાં અધિષ્ઠાત્રી છે. તેમાંથી જ તેમની આત્મિક શક્તિ ઉત્પન્ન થાય છે–પ્રભુતા પ્રગટ થાય છે.

નાદઉર્જામાંથી અક્ષરો, શબ્દો, વાક્યો અને ભાષાનું સર્જન થયું. તેના ફલસ્વરૂપ નાદઉર્જામાંથી વાણીનો જન્મ થયો હોઈ વાણીમૌન આપણને સહજ નાદઉર્જાનો પરિચય પણ કરાવશે.

મન ચંચળ છે, એક ક્ષણ પણ જંપીને બેસતું નથી, વિચારો-ના વંટોળમાં ઘૂમ્યા જ કરે છે. તેને વશમાં રાખવું દુષ્કર છે, છતાં અશક્ય તો નથી જ. અર્જુનદ્વારા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, "મન ચંચળ છે છતાં અભ્યાસ અને વૈરાગ્યથી કાળમાં–નિયંત્રણમાં રાખી શકાય છે."

શ્રી વિમળાતાઈ લખે છે કે, "પરમને પામવા મનને પણ

મૌન કરવું અત્યંત આવશ્યક છે. મન વિરામ પામશે–મનનો લય થશે કે તરત જ તમે તમારા ભીતરમાં પ્રવેશ પામશો ને ત્યાં ભીતરની પરમશાંતિની પ્રતીતિ થશે. મનનું મૌન મનુષ્યને તેના ભીતરનો સાચો પરિચય કરાવે છે. મૌન અવસ્થામાં અખંડ જીવનારી વ્યક્તિ નિરંતર થતા રહેતા આઘાત–પ્રત્યાઘાતથી ક્ષુબ્ધ નથી થતી અને પ્રત્યાઘાતની ગુલામ નથી બનતી. અહંકારની દુર્ગંધથી મુક્ત થઈને જે વ્યક્તિ મૌનમાં સ્થિત પ્રતિષ્ઠિત બની જાય છે તે તનાવરહિત, સંઘર્ષરહિત, સહજતાથી કર્મ કરે છે. તેના જીવનમાં નવું પ્રભાત હોય છે, નવો પ્રકાશ હોય છે."

પૂ. મા સર્વેશ્વરીના વાણી અને મનમૌનનો આ સંદર્ભ આપણે સમજીશું તો આપણે સહુ ભક્તિસમુદાય ઉર્ધ્વગામી જીવન-વિકાસ તરફ ચોક્કસ પ્રયાણ કરી શકીશું.

મૌન અને જપ ઉપરાંત સત્સંગ, શિબિર અને યાત્રા પણ પૂ. માની જીવનચર્યાના ઉપયોગી જ નહિ પણ શક્તિ પ્રદાન કરનારાં અંગો બન્યાં છે. મારા ટોરોન્ટો, કેનેડા નિવાસ દરમિયાન ઓગ્રેના નવરાત્રિ શિબિર, એડમન્ટનવેન–કુંવર યાત્રા અને છેલ્લે અલાસ્કા યાત્રાના આયોજનોના સાક્ષી બનવાનું સૌભાગ્ય મને સાંપડયું છે. જે પૈકી એડમન્ટન–વેનકુંવર યાત્રામાં એક યાત્રી તરીકે પૂ. મા પ્રભુની સતત નિશ્રા અને સાન્નિધ્ય પામીને મેં ધન્યતા અનુભવી છે. આવા આયોજનોદ્વારા પૂ. મા સાધકોના ભીતરી પરમભાવને જાગૃત કરવાનું અનુષ્ઠાન કરતાં રહેતાં હોય છે.

પૂ. માના વાણી અને મનમૌનદ્વારા તેઓશ્રીનું જે આત્મિક આભાવર્તુળ સર્જાય છે તેની પ્રભાવિક અસરો સાધકગણ પર અવશ્ય પડતી હોય છે–વર્તાતી હોય છે. તેઓશ્રીના મૌનતપદ્વારા



ઉત્પન્ન થતાં પરમ પરમાણુઓની છાયા પ્રત્યેક સાધકોના મન–હૃદય પર પડતી હોય છે. લાંબા ટૂંકાગાળાની તેવી છાયા અસરોથી સાધકો મુક્ત રહી શકતા નથી એવો ભક્તસમુદાયનો અનુભવ છે.

અર્વાચીન યુગનો એક કાલખંડ એવો હતો કે ભારતીય પરંપરાગત સંસ્કૃતિનો ઉદ્‌ગાતા એવા કોઈ પણ સંત દરિયાપાર જવા તૈયાર નહતો. એ કાલખંડને અતિક્રમવા જે કેટલાક સંત મહાત્મા-ઓએ માનસિક તૈયારી અને ક્રિયાશીલ હિંમત દાખવી તેઓમાં પરમ પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી અને પ. પૂ. મા સર્વેશ્વરીને અગ્રા-હરોળમાં મૂકી શકાય. કોઈ પણ ધર્મપંથ કે સંપ્રદાયની કંઠી બાંધ્યા વગર ફક્ત માનવ્યદૃષ્ટિએ મનુષ્યના આત્મિક ઉત્થાન માટેની પૂર્વભૂમિકા સાથે વિશ્વ સમસ્તમાં વિચરણ કરવા પ્રસ્થાન આદર્યાં. પૂ. મા સર્વેશ્વરીની અલાસ્કાયાત્રાને આ દૃષ્ટિએ મુલવીશું તો સાચા સંદર્ભમાં અને દીર્ઘકાલીન અસરોની પૂર્વપીઠિકામાં મુલવીને યાત્રાનું સાચું ગૌરવ કર્યાનો આપણે આત્મસંતોષ પામી શકીશું.

ભક્તકવિ નરસિંહ મહેતાના એક પદ "વૈષ્ણવજન તો તેને કહીએ"માં "સકલ તીરથ તેના તનમાં રે" ઉક્તિ આવે છે. આપણે સહજભાવે પૂ. માના સંદર્ભમાં "સકલ તીરથ તેના પાયમાં રે" ગાઈ શકીએ. જો કે પ. પૂ. મહાત્માજીએ પૂ. માની સાચી ઓળખ આપતાં કહ્યું જ છે કે, "મા સર્વેશ્વરી જ્યાં જ્યાં પદાર્પણ કરશે ત્યાં ત્યાં તીરથ સર્જાશે. તે પોતે જ પરમ તીર્થરૂપ છે. તેમના ચરણોમાં તીર્થો છે. સમસ્ત સંસારનાં તીર્થો છે."

કલકત્તાની મુલાકાત વેળાએ કાલીમાતાના દર્શને જતાં પૂ. મહાત્માજીએ કહેલું કે અંદર ગર્ભદ્વારમાં દર્શન માટે શા માટે જાઓ છો. દર્શન કરવાં હોય તો (મા સર્વેશ્વરી પ્રત્યે અંગૂલિનિર્દેશ કરતાં)

કહેલું દર્શન અહીં કરો. જે મંદિરમાં છે તે જ આ છે. મંદિરમાં છે તે બોલતાં નથી, પરંતુ આ તો બોલે છે. સામાન્ય માનવસ્વરૂપે આપણી વચ્ચે ફરી રહ્યાં છે.

મારી સ્મરણશક્તિ દગો ન દેતી હોય તો પૂ. મા યાત્રાના સમયગાળામાં સમગ્ર જનસમુદાયને સ્પર્શતા એકાદ મહત્ત્વના ઉત્સવને અવશ્ય સાંકળે છે. એડમન્ટન–વેનકુંવર યાત્રા દરમિયાન કૃષ્ણ જન્માષ્ટમી સાંકળેલ તેમ આ અલાસ્કા યાત્રા દરમિયાન ગુરુપૂર્ણિમાને સાંકળી પ્રસ્થાપિત પ્રણાલિ અને સંસ્કારગત ભાવપૂર્તિ અર્થે સૌ ભક્તો ગુરુભેટ ધરતા હોય છે. આ વર્ષની ગુરુપૂર્ણિમા અનન્યભાવે ભૂમિ પર નહિ, પણ પેસિફિક મહાસાગરની અગાધ જળરાશી પર વહાણમાં ઉજવાઈ. અને ગુરુભેટ પણ કેવી? નહિ કોઈ ફૂલ કે નહિ કોઈ ધૂપ–દીપ–ચંદન કે નહિ કોઈ પ્રસાદ! હતો માત્ર આત્મિક અર્ઘ્ય! પૂજાપામાં માત્ર પૂ. મા પ્રત્યેની ઊંડી શ્રદ્ધા! પ્રત્યેક સાધકનો શ્રદ્ધાસુમનનો ભાવ પણ કેવો! નિર્જળા સજળા ફ્લાહાર સાથે ૧૦૮–૧૦૮ પ્રણામ, સ્તુતિ, બાવની, આરતી, મંત્રજપ અને અનશનવ્રતદ્વારા પૂ. મા અને પ. પૂ. ગુરુદેવને અર્ઘ્યો અર્પણ કર્યાં. તો પૂ. માએ ૩૧૧ પ્રણામ, ૧૦૮ સ્તુતિ અને એક લાખ મંત્રજાપથી પોતાના સમર્થ ગુરુ પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીને અર્ઘ્ય અર્પણ કર્યાં.

ગુરુપૂર્ણિમાના આ અર્ઘ્યયોગ દરમિયાન એવું તો સુંદર અને અનુપમ વાતાવરણ સર્જાયુ કે જપકાર્ય કરતાં કરતાં પૂ. મા પ્રભુની વિરામ પામેલી લેખિની પુનઃ પ્રગટ થઇ અને ભક્તોને પ્રસાદીરૂપે પ્રાપ્ત થઇ તેનું માહાત્મ્ય અનેરું, અદકું અને મોંઘેરું છે.

દુન્યવી સરોજબેનમાંથી મા સર્વેશ્વરીરૂપે અવતરિત પૂ. મા



પ્રભુનું અવતારકાર્ય મનુષ્યોને દુર્ગુણો–કુટેવોથી વિમુખ કરી સ્વચ્છ અને ઉન્નત જીવન તરફ વાળી તેઓની આત્મિક ઉન્નતિ સાધી પ્રભુપ્રિત્યર્થ કરવાનું રહ્યું છે. આ માટેનો સીધો અને સરળ રસ્તો તેઓશ્રી પ્રભુનામ સ્મરણનો બતાવે છે. તેઓશ્રી કહે છે તમારી દિનચર્યામાં અને જીવનચર્યામાં પ્રભુને પ્રથમ સ્થાન આપી તમારા હૃદયમાં સ્થાપિત કરો. હમેશાં પ્રભુને જ દૃષ્ટિ સમક્ષ રાખો અને તમારા પ્રત્યેક હલનચલનમાં તેનું સતત સ્મરણ કરો.

બાળકો, જેઓ ઉગતી પેઢી છે, આવતીકાલની આશા છે, તે બાળકોના જીવનઘડતર પ્રત્યે સંસ્કારઘડતર પ્રત્યે પૂ. માનું સવિશેષ ધ્યાન છે. તેથી જ સત્સંગમાં હોય, શિબિરમાં હોય કે પછી યાત્રામાં હોય પ્રભુનામ સ્મરણ–રટણને પ્રાધાન્ય મળ્યું છે. પાશ્ચાત્ય જગતમાં જન્મેલા, ઉછરેલા અને અભ્યાસ કરી રહેલ બાળકો પૂ. મા પ્રભુ પ્રત્યે આકર્ષાયાં છે અને ઇચ્છિત માર્ગે જીવનને ઢાળી રહ્યાં છે, એ સ્ફટિક શું દૃશ્યમાન થઇ રહ્યું છે.

દૃષ્ટિ એક હોય અને દૃષ્ટિ બે હોય. દૃષ્ટિ મનુષ્યની હોય અને દૃષ્ટિ સંતની હોય. ચિત્ર એક હોય પણ અવલોકન બે હોય. અવલોકન મનુષ્યનું હોય અને અવલોકન સંતનું હોય. મનુષ્યદૃષ્ટિમાં માત્ર ભૌતિકતા હોય જ્યારે સંતદૃષ્ટિમાં પારદર્શન હોય–આધ્યાત્મિકતા હોય. દર્શન છે હિંસાદ્વારા મૃતજાનવરોના અંગોનું અને રસાયણિક ક્રિયાદ્વારા જીવિત હોય તેવા પ્રાણીઓના દર્શનનું. આથાબાસ્કન વિલેજમાં નીહાળેલા પ્રદર્શનમાં હિંસાદ્વારા પ્રાપ્ત કરેલ જંગલી જાનવરો અને છૂટક અંગોની પ્રદર્શિત વસ્તુઓ નીહાળી જે દ્વિવિધભાવ, ઉદ્‌ભવ્યા તેની અસરોના પરિણામે પૂ. માનું સંતહૃદય દ્રવી ઊઠયું. તેઓશ્રીમાં અનુકંપાભાવ જાગૃત થઇ ઊઠયો. જોયેલ અને સાંભળેલ હિંસાના પ્રાયશ્ચિત્તરૂપે પૂ. માની આજ્ઞાથી

પૂ. મા સહિત સૌ સાધકોએ મૌન પ્રાર્થના કરી ૧૦ કલાકનો ઉપવાસ કર્યો. પ્રદર્શનમાં મૂકેલ ૩૦૦૦૦ વર્ષ જૂની એક ભેંસને રસાયણિક ક્રિયાઓ દ્વારા જીવંતરૂપે પ્રદર્શિત કરવામાં આવેલી.

ઉપવાસ અને પ્રાર્થના ઉત્તમ ધર્મ છે. જે સર્વ કોઇ માનવ કરી શકે છે. ઉપવાસનો આપણે ખોટો અર્થ કરી બેઠા છીએ. સાચો અર્થ છે, "હરિની પાસે પહોંચવું યા બેસવું." એ અર્થમાં ઉપવાસ અને પ્રાર્થના ઉત્તમધર્મ બની રહે છે.

પ્રવાસ દરમિયાન એક યાત્રી પૂ. માને પ્રશ્ન પૂછે છે કે સામાન્ય માણસો અવતારલીલાને કેમ સમજી શકતા નથી? પૂ. મા અત્યંત સરળભાવે સહજતાથી સમજાવે છે કે ભગવાન શ્રીરામ તેમ જ ભગવાન શ્રીકૃષ્ણ સામાન્યરૂપે જ અવતર્યા હતા, છતાં અલૌકિક કાર્યો કર્યાં હતાં. અવતારી અવતાર ધરે ત્યારે સામાન્ય માનવ જેવા જ થઇને આવે.

અન્ય એક યાત્રીએ પૂ. માનું ધ્યાન દોરતાં પ્રશ્નાર્થરૂપે દર્શાવ્યું કે દુનિયાના આટલે ઊંચે આવેલ માર્ગ પર આપના સિવાય અન્ય કોઇ સંતનાં પગલાં થયાં હશે? પ્રથમ પ્રશ્નકર્તા તરફ દૃષ્ટિ ફેરવી પૂ. મા જણાવે છે કે અત્યાર પછી કોઇ પણ સંતનાં આ ભૂમિ પર પદાર્પણ થશે નહિ.

યાત્રા શરૂ કર્યા પછીના પ્રથમ રોકાણે, પૂ. મા વિચરણ કરતાં કરતાં થાળી લઇને લાઇનમાં ઊભેલા ભક્તો પાસે આવે છે. દરેક ભક્ત પૂ. માની થાળીમાં નાસ્તાની એક એક વસ્તુઓ પીરસે છે. પૂ. મા થાળી એક મુખ્ય સાધકભાઇને આપે છે. થાળી હાથમાંથી ધરતી પર પડી જાય છે. થાળી ઊઠાવી નાસ્તાની વસ્તુઓ તેમાં ભરતાં ભરતાં થાળી ફરીથી પડી જાય છે. પૂ. મા આનંદવિભોર



થઇ ભક્તોને જણાવે છે, "જોયું, ધરતી પર વસતા જીવાત્માઓએ સામે ચાલીને અન્ન માંગી લીધું. સમગ્ર જીવસૃષ્ટિના પોષણ માટેની પૂ. માની સંતદૃષ્ટિને સલામ.

ભારતીય વેશપરિધાન એટલે વેશમાં વિવિધતા તો ખરી જ, પણ સાથે રંગોનું સંમિશ્રણ પણ ધ્યાનપાત્ર બની રહેતું હોય છે. ઉતારે જતાં રસ્તે એક યાત્રીબહેન પસાર થતી કેનેડિયન બહેનને જણાવે છે કે તમારું ગામ ઘણું જ સુંદર છે. પ્રતિભાવ આપતાં કેનેડિયન બહેન કહે છે ગામ સુંદર તો છે જ, પણ તમારા સૌના રંગબેરંગી ભારતીય પોષાકથી અમારું ગામ વધુ સુંદર દેખાય છે. સામાન્ય કેનેડિયન બહેનની અવલોકન દૃષ્ટિ તો જુઓ!

પૂ. માના જીવનનું એક અત્યંત પ્રભાવી પાસુ મેં નીહાળ્યું છે. પૂ. મા ગમે ત્યાં વિચરતાં હોય–દેશમાં કે પરદેશમાં. તેઓશ્રી બાળકોની સવિશેષ સંભાળ રાખે છે. બાળકો આવતીકાલની આશા છે એટલું જ નહિ, બાળકો જે વયગાળામાંથી પસાર થઇ રહ્યાં છે ત્યારે જ તેઓને સાચી સમજ આપી તેમના જીવનઘડતરમાં પહેલ–પાસા પાડવાના છે. પૂ. માના અસંખ્ય બાળકો છે, તે સર્વેની વ્યક્તિગત પૃચ્છા એ પૂ. માનું જમા પાસુ છે. એથી જ પ્રત્યેક બાળકને એવો ભાસ થાય છે કે પૂ. મા ફક્ત મારાં જ છે. પૂ. માનો પ્રેમભાવ, વહાલ પ્રત્યેક વ્યક્તિ પર એક સરખો જ છે એવો સાધકોનો સાર્વત્રિક અનુભવ છે.

અભ્યાસકાળ દરમિયાન ભૂગોળમાં ભણ્યાનું સ્મરણ થાય છે કે ઉત્તર ધ્રુવ પ્રદેશ અને દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં છ મહિનાનો દિવસ અને છ મહિનાની રાત્રી હોય છે. અલાસ્કા ઉત્તર ધ્રુવ નજદીક આવેલ રમ્ય પ્રદેશ છે. પ્રાકૃતિક સૌંદર્ય અને ઈશ્વરદત્ત નૈસર્ગિક

લીલાનાં દર્શન કરવાં હોય તો ત્યાં જવું જ પડે. પ. પૂ. પ્રભુની પ્રેરણાથી પૂ. મા જપ સાધકો સાથે આ ઉનાળે અલાસ્કાની કુંવારી ધરતીની યાત્રાએ વિચર્યાં હતાં. કુંવારી એટલા માટે કે ભાગ્યે જ કોઈ સંતે અલાસ્કાની ભૂમિ પર પગરણ માંડયાં હશે—વિચરણ કર્યું હશે. જગતનિયંતાએ ખોબલે ખોબલે અરે ભૂલ્યો છૂટ્ટે હાથે અનુપમ એવું કુદરતી સૌંદર્ય વેર્યું છે. વર્ષનો મહત્તમ ભાગ હિમાચ્છાદિત ભૂમિ, વહેતાં ઝરણાં જ નહિ, મોટી નદીઓનાં પાણી પણ થીજી જાય, ઊંચા ઊંચા પહાડો પર ઉગેલાં લીલાંછમ વૃક્ષો, પહાડની ટોચ પરથી ઉનાળે પીગળતા બરફના વહેતા પ્રવાહમાંથી ઊઠતો કર્ણપ્રિય નીનાદ, ઉનાળે જ ખીલી ઊઠતાં વિધવિધ પ્રકારનાં ફૂલોનાં દૃશ્યો પર્યટકોને આકર્ષે નહિ, તો કરે શું? અલાસ્કાની ભૂમિ ઉનાળે સૌને આકર્ષે છે—આહ્‌વાન કરે છે, આવો ને નૈસર્ગિક આનંદ માણો.

સૂર્ય કદી માથે આવે જ નહિ, ક્ષિતિજની ધારે જ ફરતો રહે. પ્રવાસીઓને—યાત્રીઓને મધ્યરાત્રીનો સૂર્ય જોવાની—એ આહ્‌લાદક ક્ષણનો આનંદ માણવાની કેવી અનુભૂતિ થતી હશે તે તો જેણે એ મધ્યરાત્રીનો સૂર્ય જોયો હોય તેને જ સમજાય. પૂ. મા પ્રભુનું સાન્નિધ્ય પામી એ સૂર્યને પણ કેટકેટલો આનંદ થયો હશે! એ પહાડો, એ વનોઉપવનો, એ જળપ્રવાહો અને ઝરણાં પણ પૂ. મા પ્રભુના દર્શને—સ્પર્શે કેવાં પ્રભાવિત થયાં હશે—આનંદિત થયાં હશે એ કાંઈ ગણિત માંડવાનો પ્રશ્ન નથી જ નથી. "ટોપ ઓફ ધ વર્લ્ડ"ના એ માનવસર્જિત માર્ગ પર પૂ. મા પ્રભુના મૌન તનુનું વિચરણ પણ કેટલું તીર્થોત્તમ બન્યું હશે તે સામાન્ય જનસમાજ માટે કલ્પનાતીત છે. પૂ. મા પ્રભુ સિવાય ભવિષ્યે પણ કોઈ ભારતીય સંતનું અત્રે વિચરણ થશે કે કેમ તે એક પ્રશ્ન બની રહેશે—નીરૂત્તર પ્રશ્ન!



પૂ. મા પ્રભુનું દૂર સુદૂર વિદેશી ધરતી પરનું વિચરણ માત્ર વિદેશની ધરતી પર જન્મેલા ભારતીય વંશજો માટે જ નથી. પૂ. મા પ્રભુ માટે સ્વદેશ શું કે પરદેશ શું? "સબ ભૂમિ ગોપાલકી અને વસુધૈવ કુટુંબકમ્" જેમનો જીવનમંત્ર છે એવાં પૂ. મા પ્રભુના વિચરણની પ્રભાવક અસરો નીચે પાશ્ચાત્ય જગતની પ્રજા પણ આવ્યાના જીવંત દાખલા યાત્રાઓ દરમિયાન દૃશ્યમાન થયા છે—અનુભવાયા છે, યાત્રા દરમિયાન બસ ચાલકો નીક અને કેથી તો એવા રંગાયેલાં કે બસ ન પૂછો વાત! બસમાં પ્રવેશતાં કે બસમાંથી ઉતરતાં ચાલકો હાથ જોડીને પધારો, આવજો, ૐ મા, જય કૃપાળુ મા, ૐ યોગેશ્વરાય નમઃના શુદ્ધ ઉચ્ચારો કરતાં શીખી ગયાં હતાં. કેથી તો ભારતીય વેશપરિધાનમાં સજ્જ પણ થયેલી અને સાડી પહેરી ગરબે ઘૂમ્યાનો આનંદ પણ માણેલો. વિદાયવેળાએ કુટુંબભાવથી ગદ્‌ગદિત થઈ યાદગીરીરૂપે સાડીનો પૂરો ડ્રેસ પણ સાથે લઈ ગયેલી.

હવાઈ અડ્ડા પર કે હવાઈ સફર દરમિયાન વિદેશીઓમાં ઉત્પન્ન કુતૂહલભાવ અને પૃચ્છાભાવ અનુભવ્યાના પણ ઘણાબધા યાત્રીઓ સાક્ષી છે. યાત્રામધ્યે મળતા પર્યટકોનો સંપર્કભાવ નીહાળ્યાના પણ ઘણાંબધા પ્રસંગો બન્યા છે. ભારતથી પરિચિત એવી સેન્ડીના આઈસ્ક્રીમ સ્ટોર પરના રોકાણે પૂ. મા પછી તે આવેલ બગીચામાં વિચરતાં હતાં ત્યારે સેન્ડી અને લોરેન સાથે યાત્રી બહેનો વાતો કરતાં હતાં તે નીહાળી પૂ. મા પણ તેમાં સંલગ્ન થયેલાં. ફલસ્વરૂપ યાત્રાનો બેજ સેન્ડીને અર્પણ કરી તે તારા કેશ રજિસ્ટરમાં રાખજેની સૂચના આપી કહેલું તારા વેપારસંવર્ધન માટે હું પ્રાર્થના કરીશ. પૂ. માનો કેવો આત્મિયભાવ! જર્મન દંપત્તિનો મેળાપ અને મૂળ નોર્વેના પણ

અલાસ્કામાં સ્થાયી થયેલ નોર્વેજીયન કુટુંબનું પૂ. મા પ્રભુ પ્રત્યે ઓવારી જવું ઉલ્લેખનીય ઘટના છે.

સતત બરફવર્ષા થતી હોય ત્યાં નદી–લેઈકસ–ઝરણાંઓનાં નામો યાદ રાખવાં એ મોટો પ્રશ્ન થઈ પડે. નદીઓ એવી વિશાળ કે ૨૦૦૦ યાત્રીઓ સમાવી શકે એવી મોટી ક્રુઝ સહેલાઈથી આવનજાવન કરી શકે. લેઈક્સના પાણીમાં જાતજાતના રંગોનાં દર્શન થાય. તો ઝરણાઓમાં ગરમ પાણી વહે. તેને આડબંધ બાંધી કૂંડ બનાવે અને સ્નાન સુવિધા ઊભી કરે. ૧૦૮° ફે. તાપમાન ધરાવતા પાણીમાં નહાવાની મઝા જેણે માણી હોય તે જ સ્વાનુભવ વર્ણવી શકે. ક્યાંક પાંચ આંગળીના વહેતા જળ પણ નજરે પડે. છે ને કુદરતની કમાલ!

યાત્રાનું ઉત્કૃષ્ટ પરિણામ? પૂ. મા પ્રભુની નિશ્રા અને સાન્નિધ્ય, પ્રતિદિન પ્રત્યક્ષ દર્શનલાભ, એકધારું પ્રભુનામસ્મરણ–રટણ. ફલસ્વરૂપે થાક, ઊંઘ, ઉજાગરા, ટાઢતાપથી પ્રામ રક્ષાકવચ અને ઉત્સાહમાં દ્વિગુણિત વધારો.

પ્રવાસ–પર્યટનના આયોજનના માહેર એવા શ્રી વાસુદેવ-ભાઈએ અલાસ્કા યાત્રાનું આયોજન એવા સર્પાકાર માર્ગોએ કરેલું કે અમેરિકા–કેનેડાની આંતરરાષ્ટ્રીય સરહદોને વારંવાર ઓળંગવી પડેલી અને કસ્ટમવિધિના ચક્રાવામાંથી પસાર થવું પડેલું. પૂ. મા પ્રભુને પ્રાર્થીએ કે ઉત્તર અમેરિકાના ત્રીજા દેશ મેક્સિકોની યાત્રાનું વહેલાંસર આયોજન કરી અમને તેના સહ-યાત્રી બનવાનું સૌભાગ્ય પ્રદાન કરે.

(શ્રીમતી નીરૂબેન મિસ્ત્રીની દૈનિક નોંધના આધારે)



## * [1]પ્રભુ! ત્હારો... *

પ્રભુ! ત્હારો કરુણા–જલધિ છલકે,
મારો જીવન–ઘટ ત્યાં મલકે! પ્રભુ! ત્હારો.

કરુણા–જલધિ સભર સભર જલ,
સભર ભર્યો ઘટ સરકે;
જલમાં ઘટ–જલ, જલ–ઘટ જલમય,
બોજ ન રજ પલકે. પ્રભુ! ત્હારો.

ઘટ જલભર કે સલિલ શૂન્ય ઘટ,
જલધિ ઉફરો ફરકે;
ભાર–ઉપાધિ અહંકારની,
દ્વૈતે જીવન વલખે! પ્રભુ! ત્હારો.

જીવન–ઘટ શો મલકે!
પ્રભુ! ત્હારો કરુણા–જલધિ છલકે. પ્રભુ! ત્હારો.

— ડો. રણજિત પટેલ (અનામી)

૧. તળાવ–નદી–સરોવર–જલધિ–જલમાં ભરેલા ઘડાનો ભાર લાગતો નથી. જલની બહાર ઊંચકતાં ભાર વરતાય છે. પ્રભુના કરુણા–જલધિમાં સહેલતા જીવન–ઘટને ભાર કેવોક?



અંબાજીના સ્વર્ગારોહણ તીર્થમાં નવા બંધાયેલ સત્સંગ હોલમાં નવરાત્રિ જપયજ્ઞમાં સાધક ભાઈબહેનો સમૂહમાં ભાગ લઈ રહ્યાં છે. (તા. ૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૮)

## * પૂ. મા સર્વેશ્વરીની ગુપ્ત ભક્તિ *

**(દક્ષિણભારતની યાત્રાની પૂ. માના સાધનાકાળની વાત)**

પૂ. મા સતત સેવાની તક જ શોધતાં રહે, મનથી પૂ. ગુરુદેવને આરાધતાં રહે. પૂ. ગુરુદેવે કંઇ ખાધું છે કે કેમ, તેની પૃચ્છા કરતાં રહે, છતાં હૃદયના ઊંડાણોમાં વહેતો એ ભક્તિ અને સેવાનો ભાવ–સપાટી ઉપર કે વર્તનમાં સહજ પણ છતો ના થઇ જાય તે માટે સતત સાવધ અને સતર્ક રહે. કેવો એ નિગૂઢ ભક્તિભાવ! અરે, જેને આરાધવાના તેનેય રખે ખબર પડી જાય તેની સાવધાની. આના પ્રત્યક્ષ સાક્ષીઓ શ્રી હરિભાઇ ભોજાણી અને શ્રી કલ્યાણ, તેમ જ કંઇક અંશે સ્વ. શ્રી ભાઇલાલભાઇ છાંટબાર અને શ્રી ભટ્ટ સાહેબ.

આ યાત્રામાં પૂ. માની અને પૂ. ગુરુદેવની બેઠકો અલગ અલગ વાહનોમાં હતી. એટલે બે વાહનો ભેગાં થાય ત્યારે જ પૂ. શ્રીનું દર્શન પૂ. માને થાય. એક વાહન એમ્બેસેડર અને બીજું મોટાડર. બંનેની ગતિમાં તીવ્ર અને મંદ ગતિના સાધકોના વૈરાગ્ય જેટલો તફાવત. એટલે વચ્ચે વચ્ચે ખૂબ અંતર પડી જાય. તો પૂ. મા મનથી સતત પ્રાર્થતાં રહે, "પ્રભુ મને પૂ. ગુરુદેવની સેવાનું વધુ ને વધુ સદ્ભાગ્ય આપો."

આ રીતે પૂ. મા પોતાની શ્રદ્ધા ભક્તિ અને અંતરના ઉદાત્ત ભાવોનું નઝરાણું પૂ. ગુરુદેવને મનોમન ધરતાં રહે. પરિણામે સત્ત્વશીલ વ્યક્તિના સાત્ત્વિક ભાવો સંતને અવશ્ય પહોંચેજ, એ ન્યાયે આ યાત્રામાં જ તેમનો પૂ. શ્રીએ સ્વીકાર કરી મંત્રદીક્ષા આપી.

**(તંત્રીના એક અપ્રકટ લેખમાંથી)**

## * પૂ. માના અવતરણનું રહસ્ય *

આપણી કલ્પના છે કે પ્રભુ જ્યારે પ્રગટ થાય ત્યારે શંખ, ચક્ર કે પદ્મધારી થઈ આવે અથવા અસુરોને મારવા શક્તિરૂપે પ્રગટી, વાઘ કે સિંહ ઉપર સવારી કરે, પણ તેવું નથી. કયા યુગમાં કેવું કામ કરવા તે શક્તિનું પ્રાકટ્ય થયું છે, તેના ઉપર તે શક્તિના સ્વરૂપનો આધાર રહે છે. આજના યુગમાં વાત્સલ્યમૂર્તિ બની તે મહાશક્તિ પ્રકટી છે અને તેનાં શસ્ત્રો ખડ્ગ, ત્રિશૂલ કે ગદા નથી, પરંતુ પ્રેમ, દયા, કરુણા અને ક્ષમા છે. અને તેને હણવાના છે માનવના મનમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મદ અને મોહ જેવા અસુરોને. કુટેવો અને કુમાન્યતાઓને. પણ જેઓ તે કરુણામયીનું શરણ સ્વીકારે છે, તેને તેનો લાભ અવશ્ય મળે છે. પછી તે સ્ત્રી હોય કે પુરુષ, વૃદ્ધ હોય કે યુવા,—તે ગમે તે ધર્મ કે જાતિનો હોય. પૂ. માને મન આવા કોઈ ભેદો અસ્તિત્વ ધરાવતા જ નથી.

મા સર્વેશ્વરી એક વાત્સલ્યમયી, કરુણામયી મા જ છે. માનવ દેહધારણ કરીને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની સાધનાના ફલસ્વરૂપ અવતરિત થઈ આવ્યાં છે. હવે આપણે જો કંઈ કરવાનું રહેતું હોય તેનું શરણ જ સ્વીકારી લેવાનું રહે છે. ફક્ત શરણ જ, પ્રેમ અને શ્રદ્ધાપૂર્વકનું શરણ જ. પછી મુક્તિ માટે તમારે કોઈ ચિંતા કરવાની રહેતી નથી.

(જ્યોત્સ્નાબહેનના અપ્રકટ લેખમાંથી)

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.